ગુજરાતનું પાક્ષિક વિચારપત્ર

# નિરીક્ષક

૧૬ માર્ચ, ૨૦૧૮ | અંક ૬ | સ્થાપના : ૧૯૬૮ | પાક્ષિક | પૃ. ૧૬ | કિ. રૂ. ૬/-

Reg.under RNI NO. GUJGUJ/2009/29656, Registered under Postal Registration No. GAMC-777/2018-2020 valid upto 31st December-2020 issued by the SSPO's Ahmedabad City Division, Permitted to Post at Ahmedabad PSO on 1st & 16th of every Month.

**અનુક્રમ**


- **આશા બૂચ**
  ભારતની લોકશાહીને લૂણો : જવાબદારી કોની ? ૩
- **અશ્વિનકુમાર ન. કારીઆ**
  ઉત્તરપ્રદેશમાં એન્કાઉન્ટરનો સિલસિલો ૫
- **કરસનદાસ લુહાર**
  બગલાની વારતા ૫
- **અંબાલાલ ઉપાધ્યાય**
  બાબાસાહેબ આંબેડકર અને આર.એસ.એસ. ૬
- **ગૌતમ ઠાકર**
  પીવાના પાણીનું સંકટ ટળ્યું , પણ ખેતી માટે... ૬
- **ન. અ. પુરાણી**
  'નિરીક્ષક' અનેક વાચકો ગ્રંથાલયમાં વાંચતા... ૭
- **ઈશ્વરભાઈ બી. પરમાર**
  બંને સર્જકોની વિદાયથી વ્યથા ૭
- **મકરન્દ મહેતા**
  સયાજીરાવ ગાયકવાડનો વારસો ૮
- **હસમુખ પટેલ**
  આપણો જનમોજનમનો સંગ ૧૦
- **યૉસેફ મેકવાન**
  વાહ કવિ...! ધરાર આમ... ૧૦
- **સુરેશ ચૌહાણ**
  મળવા જેવો માણસ ઉજમશી પરમાર ૧૧
- **મેહુલ ત્રિવેદી**
  અભિનયથી ઉત્કૃષ્ટ આરાધિકાને અંજલિ ૧૨
- **પ્રવીણચંદ્ર ઠક્કર**
  નટવર ગાંધી, તેમની દીકરી અને લોકભારતી ૧૩
- **વિપુલ કલ્યાણી**
  રામુ મટવાડકર : અલવિદા ૧૩
- **રાજેન્દ્ર પટેલ**
  'સ્વાયત્તતા સંઘર્ષ' અંગે થોડુંક ૧૪
- **મંગેશ પડગાંવકર/ઉદયન ઠક્કર**
  સલામ ૧૬

---

વિશેષ — કથા-પુકુર : ૨
હિમાંશી શેલત
પાના નં. ૧૫



- **'નિરીક્ષક' દર માસની ૧ અને ૧૬ તારીખે પ્રકાશિત થાય છે.**
- લવાજમઃ
  વાર્ષિક રૂ. ૨૦૦/-, આજીવન : રૂ. ૨૦૦૦/- (દેશમાં)
  વાર્ષિક રૂ. ૨૫૦૦/-, આજીવન રૂ. ૨૫૦૦૦/- (વિદેશમાં)
- વાર્ષિક લવાજમની રકમ 'નિરીક્ષક પ્રકાશન'ના નામે ડ્રાફ્ટથી અથવા ચેક કે મ.ઓ.થી શાર્દૂલ પ્રેસ, રંભા કોમ્પ્લેક્સ, ઇન્કમટેક્સ, અમદાવાદ-૧૪ને સરનામે મોકલવામાં આવે તે અપેક્ષિત છે.
- આજીવન સભ્યપદની રકમ 'નિરીક્ષક ફાઉન્ડેશન'ના નામે અમદાવાદની બૅન્ક ઉપરના ડિમાન્ડ ડ્રાફ્ટ અગર ચેકથી મોકલવા.
- સંપાદકીય પત્રવ્યવહાર : 'પ્રકાશ', નવરંગપુરા પોસ્ટ ઑફિસ પાછળ, અમદાવાદ ૩૮૦૦૦૯. (ફોન : ૨૬૫૬૨૮૦૬)
- બ્લોગ : nirikshakgujaratipakshik.wordpress.com


**તંત્રી : પ્રકાશ ન. શાહ**
E-mail : editor.nireekshak@gmail.com
**સહયોગી તંત્રી (દેશાવર): વિપુલ કલ્યાણી**
E-mail : vipoolkalyani.opinion@btinternet.com

## પથરા તરે છે અને ફૂલડાં ડૂબે છે

**કુમાર પ્રશાંત**

**ઉત્તર-પૂર્વમાં** રંગ સૌ જાણે બદરંગ, અને કેવળ કેસરિયો! પ્રશ્ન એ નથી, આ ચૂંટણી નાની હતી કે મોટી; પ્રશ્ન એ છે કે આપણાં ત્રણ રાજ્યોની ચૂંટણી હતી – અને એ ચૂંટણી સ્તો છે જેનાં ઈંધણથી આપણી સંસદીય લોકશાહીની ગાડી ચાલે છે. ભારતીય જનતા પાર્ટીએ પોતાની સત્તાની ગાડીમાં આ ચૂંટણી થકી પૂરતું ઈંધણ ભરી લીધું છે. જેમને આ ચૂંટણીનું મહત્ત્વ બરાબર સમજાયું નહીં એમની ટાંકી ખાલી ખટાક પડી છે.

એ વાત અલબત્ત વિવાદાતીત છે કે હાલના દિવસોમાં ભારતીય જનતા પાર્ટી કહેતાં જે સમજાય છે તે વાત 'નશા'ની છે. મને ક્યાંથી મળ્યો હશે આ 'નશા'નો ખયાલ? ભાઈ, વડાપ્રધાનને જે ખેલ પસંદ છે, શબ્દોનો, એમાંથી સ્તો મારો 'નશા' સાથે મેળાપ થયો છે : નરેન્દ્ર મોદીનો 'ન' અને અમિત શાહનો 'શા'. બે મળ્યાં કે નશા હી નશા ! જો તમે આ 'નશા'ને બાદ રાખીને વિચારો તો હાલ દેશના પૂરા કદનાં ૨૯ રાજ્યોમાંથી ૨૦માં સુવાંગ પોતાની કે મેળવણીની અને કેન્દ્રમાં પૂર્ણ બહુમતની સરકાર ચલાવતી ભારતીય જનતા પાર્ટી શૂન્ય થઈ જશે. એટલે પાર્ટી આ નશાને ઘટઘટ પીધે જાય છે. આ નશાને ઓર નશીલો બનાવી શકે તેવા જે કોઈ, જ્યાંક્યાંયથી, જે પણ રીતે અને જે પણ કિંમતે મળે તે આ પાર્ટીને મન સોનાના છે.

સંસદીય લોકશાહીના શરૂઆતી દોરથી જ એ ચલણ રહ્યું છે કે જે ચૂંટણી જિતાડી શકે તે જ સૌથી મોટો સર્વમાન્ય નેતા! નેહરુ કુટુંબ આરંભથી આ જ કરતું રહ્યું, અને સર્વમાન્ય બની રહ્યું. જેમ જેમ એનો આ જાદુ તૂટતો ગયો તેમ તેમ આ પરિવારનો દબદબો ઓસરતો ગયો. દેશના બીજા કોઈપણ પક્ષમાં બીજા કોઈ જવાહરલાલ કે નેહરુગાંધી કુટુંબ પેદા નથી થયાં. વારાફરતી કોઈક વાર આણે, કોઈક વાર તેણે ચૂંટણી જીતી કે જિતાડી, પણ એ ચમક આગિયાથી અદકી નહોતી. હાલ જે નશાની જિકર કરી તે પણ હજુ ૨૦૧૪થી જ ચઢ્યો અને ચઢતો રહ્યો છે. વચમાં એકબે ઝોલા જરૂર પડ્યા પણ એને 'હૅંગ ઑવર'થી વધુ માનવાની જરૂર નથી. એમાં કોઈ શક નથી કે ૨૦૧૪થી આજ સુધી એકોએક ચૂંટણી પાછળ 'નશા'એ 'તન-મન-ધન'ની જે ધૂમ બોલાવી છે એની જોડ જડવી મુશ્કેલ છે. 'સત્તા મેળવવાનું બહુ આકરું હોય છે, અને એ ટકાવવાનું એથી પણ આકરું હોય છે' એ ઉક્તિ 'નશા'માં મૂર્તિમંત અનુભવાય છે. હજુ કેટલાંક રાજ્યો બચ્યાં છે જે 'નશા'ગ્રસ્ત નથી. તે રાજ્યોમાં પણ 'નશા'ની પોતીકી શૈલીની ગતિ બરાબરની છે. ચૂંટણીનિષ્ણાતો જાણે છે અને કહે છે પણ ખરા કે બાકી રાજ્યોમાં પણ નશો આમ જ ચડશે. એમનું કહેવું દુરસ્ત જ હશે, કેમકે નશો કરનારા ને 'નશા'ની સંગતમાં રહેનારાઓ બરાબર જાણતા ને કહેતા હોય છે.

પણ શું તમે દેશને પણ 'નશા' ખાતે ખતવી શકો છો? શું સંસદમાં બહુમતી મેળવવી કે રાજ્યોમાં સરકારો રચવી તે દેશનાં નિર્માણ અને ગતિપ્રગતિના પર્યાયરૂપ છે ? શું ચૂંટણીગત હારજીતનાં ઈંધણથી જ દેશ ચાલે છે ? જો દેશ પક્ષોથી અલગ કોઈ મોટો એકમ નથી તો એવું કેમ છે કે છેલ્લાં સિત્તેર વરસથી પક્ષો જીતતા રહ્યા છે ને દેશ હારતો રહ્યો છે. અને જો આપણે ઠંડા દિમાગથી વિચારીશું તો જણાશે કે છેલ્લાં સિત્તેર સિત્તેર વરસથી વિચારધારાકીય ખીચડી જેવી કૉંગ્રેસથી માંડીને ડાબેરી, જમણેરી, જાતેરી, પ્રદેશેરી તમામ કિસમના દાવેદારોને આપણે

કેન્દ્રથી લઈ રાજ્યો લગી અજમાવ્યા છે... બધા એક જેવા નીકળ્યા કે એકબીજાથી બૂરા ! દેશ જે તત્ત્વોથી બને છે અને ચાલે છે એ તત્ત્વોની કસોટીએ જોઈએ તો આપણા હાથમાં, છેવટે, આવે છે શું?

નાગાલૅન્ડની વાત કરો. દેશના સૌથી વિપન્ન રાજ્યોમાં એ ખતવાય છે, પણ અબી હાલની ચૂંટણીમાં ત્યાં ૧૯૬ ઉમેદવાર પૈકી ૧૧૪ કરોડપતિ હતા. બીજે છેડેથી એ પણ નોંધી લઈએ કે આ ૧૯૬ પૈકી કેવળ ૫ જ મહિલા ઉમેદવાર હતી. ડાબેરી વાવટો જ્યાં બે દાયકા કરતાં વધુ સમયથી લહેરાતો આવ્યો હતો ત્યાં ૨૯૭ ઉમેદવારોમાંથી ૩૫ કરોડપતિ હતા. મેઘાલયનો સમાજ માતૃસત્તાક છે, અને લગ્ન પછી ત્યાં પતિ પત્નીને ત્યાં રહેવા જાય છે તેમજ બાળકો માતાની રાહે ઓળખાય છે. ઘરમાં સૌથી નાની દીકરી, પૈતૃક સંપત્તિની વારસ લેખાય છે. આ રીતે (નારીપ્રધાન જેવો) મેઘાલયનો સમાજ છે, પણ એની રાજનીતિ ? ૧૫૨ કરોડપતિઓ સહિતના કુલ ૩૭૨ ઉમેદવારોમાંથી મહિલા ઉમેદવારો કેવળ ૩૩ જ હતી. આ વાસ્તવિકતાને તમે આપણી નવી રાજકીય સંસ્કૃતિની ઘોષણારૂપે ઘટાવી શકો! આ બીનાની બુનિયાદ દિલ્હીમાં પડેલી છે : લોકસભાના સભ્યોની સંપત્તિગત સરેરાશ ૧૪ કરોડની છે. લોકસભાના ૫૨૫ સભ્યોમાં ૪૪૨ કરોડપતિઓ છે જે સૌ ૨૦૧૪નો અત્યાર સુધીનો સૌથી ખર્ચાળ ચૂંટણી જંગ જીતીને આવ્યા છે. હવે, એ તો આવી આપણી સંસદ અને આવાં આપણાં વિધાનગૃહો દેશ અને સમાજના વિકાસને કેવે ચશ્મે જોશે ? એક જમાનો હતો જ્યારે દેશનો સૌથી ગરીબ માણસ આપણી સામે પડકારરૂપે ઉભરતો હતો, કેમ કે ગાંધીએ એમાં જ કસોટીનું તાવીજ જોયું હતું. આજે જળ હો કે જમીન અગર જંગલ કે પછી એકંદર વાયુમંડળ એ જ સૌથી દીનહીન જણ આપણા નિશાન પર છે — સકારાત્મક કાર્યપડકારરૂપે નહીં પણ શિકારરૂપે!

વિકાસ જેનું નામ તે શોધ્યો જડતો નથી, સિવાય કે જે પણ નજરે પડ્યું એને તમે વિકાસ માની લો. વિકાસના મોટાદઈત આંકડા જરૂર મળે છે, પણ આપણે પામી ચૂક્યા છીએ કે આંકડા પોતે કરીને કોઈ સત્ય નથી. સત્તામાત્ર કને આંકડાઓનું આગવું કારખાનું હોય છે જે મરજી મુજબ સગવડિયા આંકડા બેહિચક પેદા કરતું રહે છે. જ્યારે લોકો થકી પ્રાપ્ત થતી સત્તા સરકારોને અપૂરતી લાગે છે ત્યારે તે કાયદા બનાવી પોતાના હાથમાં અસીમ સત્તા અને અધિકારો કેન્દ્રિત કરવા લાગે છે, અને (ચાલુ ચૂંટણીકારખાને) લોકશાહી ઉત્તરોત્તર નિષ્ફળતાની દિશામાં હાંફવાદડવા લાગે છે.

કોઈ પણ સમાજ આખરે તો એકતા અને સમરસતાની પોતાની તાકાતથી ઘણીખરી મુશ્કેલીઓનો સામનો કરી લેતો હોય છે. પણ તમે જ્યારે આ એકતા અને સમરસતાને ખુદને જ નિશાન બનાવો છો ત્યારે સમાજ શ્વાસ ખોતો ચાલે છે. આપણને ગુલામ બનાવવામાં ને ગુલામીને સતત મજબૂત કરવામાં આવી જ રણનીતિ પૂર્વે પ્રયોજાઈ હતી. આજે બીજી રીતે એ જ રણનીતિ કાર્યરત છે : ન તો સપનાં બચ્યાં છે, ન તો પ્રતિબધ્ધતા ને પાયાગત પ્રામાણિકતા ! બચ્યા છે તો માત્ર એ જ ચૂંટણીઆંકડા જેના વડે સૌ ખેલી રહ્યા છે અને દેશ તૂટી રહ્યો છે.

('सप्रेस'ના સદ્ભાવથી)

## ફૉર્મ નં.૪

| | | |
|---|---|---|
| ૧. પ્રકાશન સ્થળ | : | 'પ્રકાશ', નવરંગપુરા પો.ઑ. પાછળ, અમદાવાદ- ૩૮૦૦૦૯ |
| ૨. પ્રકાશન તારીખ | : | પાક્ષિક - દર માસની પહેલી તથા સોળમી |
| ૩. મુદ્રકનું નામ | : | શાર્દૂલ પ્રિન્ટિંગ પ્રેસ, રંભા કોમ્પ્લેક્સ, વિદ્યાપીઠ સામે, આશ્રમ રોડ, અમદાવાદ-૩૮૦૦૧૪. ફોન : ૨૭૫૪૧૩૦૬ |
| ૪. પ્રકાશકનું નામ | : | પ્રકાશ ન. શાહ, રાષ્ટ્રીયતા : ભારતીય |
| ૫. તંત્રીનું નામ | : | પ્રકાશ ન. શાહ, રાષ્ટ્રીયતા : ભારતીય |
| સરનામું | : | 'પ્રકાશ', નવરંગપુરા પો.ઑ. પાછળ, અમદાવાદ- ૩૮૦૦૦૯ |
| ૬. માલિક | : | નિરીક્ષક ફાઉન્ડેશન, 'પ્રકાશ', નવરંગપુરા પો.ઑ. પાછળ, અમદાવાદ- ૩૮૦૦૦૯ |

હું, પ્રકાશ ન. શાહ આથી જાહેર કરું છું કે ઉપર જણાવેલી બાબતો મારી જાણ અને સમજ મુજબ સાચી છે. **પ્રકાશ ન. શાહ**


## 'નિરીક્ષક' માટે જા.ખ.ના દર

- આવરણ-૪ ૪૦૦૦/-
- આવરણ-૩ ૩૦૦૦/-
- અંદરનું આખું પાનું ૨૦૦૦/-
- અંદરનું અડધું પાનું ૧૦૦૦/-
- સેન્ટર સ્પ્રેડ ૪૦૦૦/-

★ પુસ્તકોની જા.ખ. અડધા દરે ★


### લવાજમ ભરવા માટે સરનામાં

**વિજય મૅગેઝિન વર્લ્ડ**
૬૨, કલ્યાણ ભવન, બીજા માળે, રૂપમ સિનેમા પાસે, રિલીફ રોડ, **અમદાવાદ**-૩૮૦ ૦૦૧

**અદીત ઍજન્સી (એસ.બી. શાહ)**
ફોન નં. : ૦૭૯-૨૭૪૯૬૨૮૩
૭૨/૮૬૨, અંબિકા એપાર્ટમેન્ટ, અંકુર રોડ, નારણપુરા, **અમદાવાદ**-૧૩

**સૌરભ પુસ્તક ભંડાર**
બી/૨૦, સ્થાપત્ય એપાર્ટમેન્ટ, સ્ટર્લિંગ હૉસ્પિટલ પાસે, મેમનગર, **અમદાવાદ**-૩૮૦૦૫૨

**નવકાર મૅગેઝિન ઍજન્સી**
બ્લોક એ, ફ્લેટ ૭૦૨, ચિન્મય ટાવર, વિશ્રામનગર, સુભાષચોક વચ્ચે, જયકાન્ત કામદાર માર્ગ , મેમનગર, **અમદાવાદ**-૫૨

**ઈમેજ પબ્લિકેશન પ્રા.લિ.**
શૉપ નંબર : ૧-૨, પહેલા માળે, સેન્ચુરી બજાર, આંબાવાડી સર્કલ, **અમદાવાદ**-૩૮૦ ૦૦૬
૧૯૯/૧, પ્રિન્સેસ સ્ટ્રીટ, **મુંબઈ**-૪૦૦ ૦૦૨

**મૅગેઝિન વર્લ્ડ**
ગોપાલ ટૉકીઝ પાસે, સ્ટેશન રોડ, **આણંદ**-૩૮૮૦૦૧

**કીમ એજ્યુકેશન સોસાયટી સ્ટુડન્ટ કન્ઝ્યુમર સ્ટોર્સ**
**કીમ**, જિ. સુરત-૩૯૪ ૧૧૦

**પીયૂષ મૅગેઝિન ઍજન્સી**
એસ/૨૧, એ, મુલ્કીભવન, વર્ધમાન વિદ્યાલયની બાજુમાં, બસ સ્ટૅન્ડની પાસે, **મહેસાણા**-૩૮૪ ૦૦૧

**નવનીત મૅગેઝિન એજન્સી**
એસ-૬, શ્રદ્ધા કોમ્પ્લેક્સ, બીજા માળે, નગરપાલિકા સામે, **મહેસાણા-૧**

**એજ્યુકેશનલ એમ્પોરિયમ**
૩૬, ઉમિયાનગર, **પાટણ**-૩૮૪ ૨૬૫

**શિવમ એન્ટરપ્રાઇઝ**
બુક સેલર્સ એન્ડ સ્ટેશનર્સ, વનિતા વિશ્રામ સામે, ડોન રોડ, ક્રેસન્ટ, **ભાવનગર**-૧

### લવાજમ વિષયક

સંબંધિત સૌને નોંધ લેવા વિનંતી કે તા. ૧ મે ૨૦૧૪થી 'નિરીક્ષક'નું વાર્ષિક લવાજમ રૂ. ૨૦૦ તેમજ આજીવન લવાજમ રૂ. ૨૦૦૦ છે. જૂના દરે (વાર્ષિક રૂ. ૧૫૦/-ના ધોરણે) લવાજમ ભરનારને નવ મહિના સુધી નિયમિત અંક મોકલાશે. **વ્ય.**

# ભારતની લોકશાહીને લૂણો : જવાબદારી કોની ?/આશા બૂચ

**ભારતના** કેટલાક રાજ્યોમાં ધારાસભાની ચૂંટણીઓ યોજાઈ ત્યાં તો ૨૦૧૯ની સામાન્ય ચૂંટણીના નગારાં વાગવાં માંડ્યાં છે. અનેકાનેક ઘટનાઓ એવી બનતી આવે છે કે 'જગતની સહુથી મોટી સંખ્યા ધરાવતી લોકશાહી'નું ગૌરવધરાવતા ભારતમાં ખૂણે ખૂણેથી 'આપણા દેશની લોકશાહી ખતરામાં છે' એવો ભયનો સૂર બળવત્તર થતો જાય છે.

આ પરિસ્થિતિ માટે પ્રજા અને વિરોધ પક્ષ સરકારને દોષ આપે અને સરકાર સત્તા પર ન બેઠેલા તમામ વિરોધ પક્ષોને સાગમટે ભૂતકાળમાં તેઓએ કરેલી ભૂલોને જવાબદાર ગણાવી પોતાની ફરજોને ગંગાસ્નાન દરમ્યાન નદીમાં પધરાવી દેછે.

સવાલ એ થાય કે સરકારી કે બિન સરકારી ક્ષેત્રે ઉચ્ચ કક્ષાએ ચાલતાં કૌભાંડો અને ગોટાળાઓ માટે શું માત્ર જે તે સમયની સરકાર અને તેની પુરોગામી સરકાર જ દોષિત હોઈ શકે? 'લોકશાહી' શબ્દ જ સૂચવે છે કે આ પ્રકારની શાસનપદ્ધતિમાં લોક પણ શામેલ છે અને એટલા જ જવાબદાર છે જેટલા રાજ્ય અને દેશના વહીવટદારો.

લોક એટલે કે સામાન્ય પ્રજાજન કે જેમને આઝાદ થતાંની સાથે જ મતાધિકાર મળી ગયો છે. તેમની મત આપવા માટેની સુસજ્જતા ન હોય તો તેઓ શી રીતે સારા ઉમેદવારોને ચૂંટીને રાજ્ય કરવા મોકલવાના? ગુવણંત શાહ કહે છે તેમ આરામખોર પ્રજાને હરામખોર નેતાઓ જ મળે. એમણે એવું પણ કહેલું કે એકાદ ચેરમેનપદ્દું, એક મોટરગાડી, એક ઓફિસ, ઉપકારો ઠાલવવાની વિપુલ સત્તા, પ્રવાસભથ્થું, સર્કિટ હાઉસની સુવિધા, ટેન્ડર, ટ્રાન્સફર અને ટ્રાવેલ સાથે જોડાઈ ગયેલી ગળચટ્ટી ચશમપોશી એટલે આપણા ભ્રષ્ટ રાજકારણીઓનો બ્રેકફાસ્ટ. નિયમિત હપ્તા મળે તે લંચ અને મોટી રકમનાં બંડલો એ જ ડિનર! યાદ રહે કે હાલની ભારતની મોટા ભાગની પ્રજા એવી આરામપ્રિય થઈ ગઈ છે કે સહુને સરકારના નાના કે મોટા પદ પર બેસીને ઐયાશી જ કરવી હોય તો એવી આળસુ પ્રજાના નેતા હરામખોર હોય તેમાં નવાઈ શી?

હવે વિચારવાનું એ કે પ્રજા આરામખોર ન થાય અને નીતિવાન નાગરિક બને તે કોની જવાબદારી? એ માટે સહેજે માતા-પિતા પાસે ઉમ્મીદ રહે કે તેઓ તેમના સંતાનોને સર્વ રીતે યોગ્ય નાગરિકો બનવા સંસ્કારો આપે. વ્યક્તિ ઘડતરનાબીજા મહત્ત્વના ભાગીદાર તે શિક્ષકો. એક જમાનો હતો જ્યારે મા-બાપ પાયાના સંસ્કારો આપીને ગુરુને પોતાના બાળકો સોંપે અને શિક્ષકો ટકોરાબંધ કુશળ કારીગરોથી માંડીને વહીવટદારો અને રાજનીતિજ્ઞો સુધ્ધાં ઘડીને સમાજને ચરણેધરતા.

તેમાંના એક તે નાનાભાઈ ભટ્ટ તેમણે પ્રજા તેજસ્વી હોય તો શું થાય એ વિષે કહેલું તે સમજવા જેવું છે, ''પ્લેટોનું પુસ્તક 'રિપબ્લિક' મેં વાંચ્યું, અને કોઈ રાજા જ્ઞાની હોય તો રાજાશાહી પણ સુંદર પરિણામ આપે એવી વિચારણા થોડો વખત મારા મનમાં રહી ગઈ.'' આપણે સહુ આપણો રાજા એવો જ્ઞાની જ હશે એવી શ્રદ્ધા ધરાવતા રહ્યા. તેમણે આગળ જણાવ્યું, ''પણ રાજા આવો જ્ઞાની ન હોય તો? વળી રાજાના કુંવર પણ જ્ઞાની જ હશે, તેની શી ખાતરી? એટલે પછી, રાજવહીવટની લગામ વંશપરંપરામાં ઉતરે એ વ્યવસ્થાના મૂળમાં જ દોષ છે એમ હું સમજ્યો. પણ આ સમજણની સાથે જ એક બીજો વિચાર પણ મારા મનમાં ઊગ્યોઃ રાજ્યતંત્ર ગમે તે પ્રકારનું હોય; તંત્રનું બહારનું કલેવર રાજાશાહી હોય, લોકશાહી હોય, સરમુખ્યતારશાહી હોય, કમ્યુનિસ્ટ હોય - ગમે તે હોય; પણ પ્રજા પોતે જો તેજસ્વી હોય તો કોઈ પણ સરકારને પોતાના અંકુશમાં રાખી શકે છે. પ્રજામાં મોટા ભાગના લોકોમાં, જો આખરે ખુવાર પણ થઈ જવાની તાકાત હોય તો કોઈ પણ રાજસત્તાનો ભાર નથી કે તે પ્રજાને પીડી શકે. પરંતુ રાજતંત્ર લોકશાહી હોય તો પણ, જો પ્રજા નિર્માલ્ય હોય અને શાસકો સત્તાલોલુપ હોય તો, લોકશાહીના બહારના માળખાની અંદર પણ બીજી કોઈ 'શાહી' ઢંકાયેલી રહી શકે છે.''

આપણી તો પ્રજા સાવ નિર્માલ્ય અને શાસકો સત્તાલોલુપ. ભારત પાસે તો અત્યારે નથી કોઈ જ્ઞાની રાજા, નથી તેના કુંવરો જ્ઞાની કે શક્તિશાળી અને છતાં વંશ પરંપરાગત સત્તા ટકાવી રાખવાના ભૂતનો વળગાડ છૂટતો નથી. લોકશાહી એટલે રાજવહીવટની લગામ વંશપરંપરામાં ઊતરે જ એવું જરૂરી નથી, વ્યક્તિની લાયકાત જોઈને પ્રજામત આધારિત વરણી થાય એ તો આપણે સમજ્યા જ નહીં. જ્યારે લોકોમાં નૈતિક બળ અને પોતાના અધિકારો સાટુ ખપી જવાની કુરબાનીની ભાવના કેળવાઈ ત્યારે દુનિયાની સહુથી વધુ તાકાતવાન સત્તાને તડી પાર કરી, તો જો આજની ભારતની પ્રજામાં કૌવત હોત તો કોંગ્રેસ કે બી.જે.પી.ની મજાલ છે કે નાગરિક અધિકારોનું ખુલ્લેઆમ લીલામ કરીને પ્રજાને ગુલામી જેવી બદતર દશામાં ધકેલી શકે?

ભારત આજે વિજ્ઞાન અને ટેક્નોલોજીમાં ઘણી પ્રગતિ કરીને દુનિયાના આગલી હરોળના દેશોમાં સ્થાન પામ્યું છે તેની ના નહીં. પણ વિજ્ઞાન અને શિક્ષણના પ્રસાર સાથે લોકોની સામાજિક ધારણાઓ અને ધર્મથી માંડીને રાજકારણ સુધીનીસમતોલ સમજણ ન કેળવાઈ તેના પરિણામો શિક્ષિત પ્રજા અબૂધ ટોળાંની માફક વર્તે છે તેમાં જોવા મળે છે. મનુભાઈ પંચોળી - 'દર્શક' એક વેળા ભારતની જનતાનું જૂનું માનસ કેવું અકબંધ છે તે વિષે પોતાની વેદના ઠાલવતા બોલેલા, ''જમાનો બદલાતો ગયો, પણ આપણે ન બદલાયા. ન્યાતજાતનાં તે જ કુંડાળાં, તે જ ધાર્મિક રૂઢિઓ, તે જ પરલોક-પરાયણતા, આ લોક વિષે તે જ બેદરકારી. આ બધાં અપલક્ષણો સાથે આપણે નવું બંધારણ ને નવીરાજનીતિ લાવ્યાં, પણ આપણે તો જૂના ને જૂના જ રહ્યા. કોળી કોળી માટે, કણબી કણબી માટે, ગરાસદાર ગરાસદાર માટે, ભણેલા - ખરી રીતે ભૂલેલા - ભણેલા માટે, આ નવો જ્ઞાતિવાદ. બધું જૂનું માનસ અકબંધ રહ્યું. અંગ્રેજોને

સવાલ એ થાય કે સરકારી કે બિન સરકારી ક્ષેત્રે ઉચ્ચ કક્ષાએ ચાલતાં કૌભાંડો અને ગોટાળાઓ માટે શું માત્ર જે તે સમયની સરકાર અને તેની પુરોગામી સરકાર જ દોષિત હોઈ શકે? 'લોકશાહી' શબ્દ જ સૂચવે છે કે આ પ્રકારની શાસનપદ્ધતિમાં લોક પણ શામેલ છે અને એટલા જ જવાબદાર છે જેટલા રાજ્ય અને દેશના વહીવટદારો

આપણે જ આપણો દેશ સોંપી દીધેલો, તેમ આજે દેશ ન્યાતજાતને આપણે સોંપી દીધો છે.'' તેમની આ ઉક્તિને હાલની રાજકીય આબોહવા તદ્દન ખરી પાડે છે એ કેવી કમનસીબી! બંધારણમાં 'સેક્યુલર સ્ટેટ' હોવાની ઘોષણા કરીને સર્વ ધર્મ સમભાવઆચરીએ છીએ અને અનામત બેઠકોની જોગવાઈ કરીને જ્ઞાતિ પ્રથાને દેશવટો આપ્યાનો દાવો કર્યો, પણ હકીકતે આચરણ તો એવું કર્યું કે ધર્મને આધારે વિભાજન અને જ્ઞાતિના વાડાની ચુસ્તતા વધતી જ ચાલી. આમાં માત્ર સરકારનોદોષ? સમાજના આગેવાનો, ધર્મના વડાઓ કે સહુથી વધુ તો પ્રજા પોતે કંઈ જવાબદાર નહીં?

આજે જોકે વિશ્વભરમાં ઉદારીકરણ, વૈશ્વીકરણ અને ખાનગીકરણનાં નામે રાજકારણનું કંપનીકરણ જે રીતે થવા લાગ્યું છે, તેનાથી તો લોકશાહી મૂલ્યો જાણે વિના મૂલ્યે વેચાતાં જાય છે. એક વાત સમય જતાં વધુ ને વધુ સ્પષ્ટ થતી જાય છે કે હવે કોઈ અવતારો ધરતી પર નહીં અવતરે, કોઈ મહાપુરુષો આપણને આપણા પાપોમાંથી ઉગારવા જન્મ નહીં લે, જે કંઈ સત્કર્મો કરવાનાં છે એ હવે લોકોએ જ સાથે મળીને કરવા રહ્યાં.

હા, એટલું જરૂર કબૂલવું રહ્યું કે સામાન્ય જનતાને ઉચ્ચ આદર્શો અને ઉત્તમ નૈતિક આચરણનું દ્રષ્ટાંત તેમનાથી મૂઠી ઊંચેરા આગેવાનો જ પૂરું પાડી શકે. આજે જેમના વિષે એક બાજુ અપાર ભક્તિ દર્શાવાઈ રહી છે અને બીજી બાજુ છુટ્ટે મોંએ નિંદા થઈ રહી છે તેવા વલ્લભભાઈ પટેલની પ્રામાણિકતાનો જોટો જડવો મુશ્કેલ. તેમનો એક કિસ્સો જાણીએ. ૧૯૩૫માં પ્રાંતિક ધારાસભાઓની ચૂંટણી વખતે રાજેન્દ્ર પ્રસાદે સરદારને ફરિયાદ કરી કે ચૂંટણી ફંડ માટે જે.આર.ડી. તાતા કેટલીક સોદાબાજી કરવા માંગે છે. સરદારે તાતાને મળવા બોલાવ્યા. તાતાએ માંગણી કરી કે ઉમેદવારો નક્કી કરવાની સમિતિમાં મારો એક માણસ મૂકો તો નાણાં આપું. સરદારે એનો ઈન્કાર કર્યો અને પૂછ્યું, ''તમે તમારી કંપનીમાં અમારા કોઈ માણસને મેનેજમેન્ટ કમિટીમાં મૂકશો ખરા?'' તાતા એ વાત સાંભળી, સહી કરેલો કોરો ચેક સરદારના હાથમાં મૂકી સસ્મિત વદને વિદાય થઈ ગયા.

બીજો એક કિસ્સો. એકવાર દાલમિયા શેઠના સેક્રેટરી ધર્મદેવ સરદારના સેક્રેટરી શાંતિલાલ હ. શાહને મળવા આવ્યા. તેમણે કહ્યું કે, ''દાલમિયા શેઠ ચૂંટણી ફંડ માટે બે લાખ રૂપિયા આપવા માંગે છે. સરદાર એ સ્વીકારશે ખરા? સરદારે જવાબ આપ્યો, ''લઈશું.'' બીજે દિવસે ધર્મદેવ ફરી આવ્યા અને શાંતિભાઈને કહ્યું કે દાલમિયા શેઠે ઈચ્છે છે કે સરદાર સાહેબ તેમને ત્યાં ચા પીવા આવે અને એ સમયે તેઓ આ રકમ તેમને સુપરત કરશે. શાંતિભાઈએ આ સંદેશો કહ્યો તેવા જ સરદાર તાડુકી ઊઠ્યા, ''જુઓ શાંતિલાલ, એમને સ્પષ્ટ જણાવો કે ચેક મોકલવો હોય તો મોકલે, નહીં તો એમની મરજી. આ કામ માટે હું એમના ઘેર નહીં આવું.'' શાંતિલાલે એ સંદેશો ધર્મદેવને આપ્યો અને સરદારનો સંદેશો સાંભળીને દાલમિયા શેઠે બે લાખમાં પચીસ હજાર રૂપિયા ઉમેરીને સવા બે લાખનો ચેક તરત જ સરદારને મોકલી આપ્યો. આ હતી સરદારની ખુમારી અને રાજકીય સૂઝ. એ સાથે હૃદયની ઋજુતા પણ જુઓ. પંદર દિવસ પછી સરદાર સામેથી. કહેવડાવીને દાલમિયાને ત્યાં ચા પીવા ગયા

આજે સરદાર જેવા નિષ્ઠાવાન રાજકર્તાઓ નથી કે નથી તાતા અને દાલમિયા જેવા ઉદ્યોગપતિઓ કે જેમનામાં નૈતિક બળ ભરપૂર માત્રામાં હતું, જેઓ ફરજ અને અંગત સંબંધોને અલગ રાખી શકતા અને જેઓ હોદ્દેદારની પ્રામાણિકતાને વધાવી, તેનું ઊંચું મૂલ્ય આંકતા. ભારતના નેતાઓ, ઉદ્યોગપતિઓ અને સામાન્ય જનતાના ખાતામાંથી આ બધા ગુણોની ખાધ કેમ કરતાં પડી?

આજે જોકે વિશ્વભરમાં ઉદારીકરણ, વૈશ્વીકરણ અને ખાનગીકરણનાં નામે રાજકારણનું કંપનીકરણ જે રીતે થવા લાગ્યું છે, તેનાથી તો લોકશાહી મૂલ્યો જાણે વિના મૂલ્યે વેચાતાં જાય છે. એક વાત સમય જતાં વધુ ને વધુ સ્પષ્ટ થતી જાય છે કે હવે કોઈ અવતારો ધરતી પર નહીં અવતરે, કોઈ મહાપુરુષો આપણને આપણા પાપોમાંથી ઉગારવા જન્મ નહીં લે, જે કંઈ સત્કર્મો કરવાનાં છે એ હવે લોકોએ જ સાથે મળીને કરવા રહ્યાં. તે માટે અવતારી પુરુષોએ આપેલા સિદ્ધાંતો અને મહાપુરુષોએ તેના અલમથી કંડારી આપેલ માર્ગ આપણી સામે જરૂર હાજર છે. પણ કિશોરલાલ મશરૂવાળાએ કહેલું તેમ હવાડો એ શાસક વર્ગ છે, કૂવો એ સમસ્ત પ્રજા છે. ગમે તેવા કાયદાઓ અને બંધારણ ઘડો, સમસ્તપ્રજાનાં ચારિત્ર્ય કરતાં શાસક વર્ગનું ચારિત્ર્ય ઘણું ઊંચું હોય તેમ બનવાનું નહીં. અને તેમની આ વાત સમજી, સ્વીકારીને કૂવા રૂપી પ્રજામાં જીવન લક્ષી નીરની આવે તે માટે સહિયારો પ્રયાસ આદરવાનો છે. એ માટે શું હવે એક વધુ ક્રાંતિનીજરૂર છે? કોણ કરશે?

વિનોબા ભાવેને રાજ્યસત્તાની મર્યાદા વિષે પૂરેપૂરું ભાન હતું અને લોકસત્તાની શક્તિ પર ગાંધીજી જેવો જ ભારે ભરોસો હતો. એથી જ કદાચ અવળી દિશામાં ફંટાઈ ગયેલ સમાજને પુનઃ સન્માર્ગે લાવવા સરકાર સામે જોઈને બેસી રહેવું કે એકોઈ કાયદા ઘડે કે પરિવર્તન લાવે તેના સમર્થનમાં તેઓ નહોતા. તેમના મતે તો સરકારનું એ ગજું નથી અને વધુમાં કહેલું પણ ખરું, ''ખુદ મારા હાથમાં સત્તા હોત તો હું પણ ઝાઝું કામ ન કરી શકત. એનું કારણ એ છે કે સરકાર કદી ક્રાંતિકારીનથી હોતી. સરકાર તો આમ જનતાનું પ્રતિબિંબ હોય છે. બુદ્ધ ભગવાન સમાજમાં ક્રાંતિ લાવવા માગતા હતા. એટલે તો એમને પોતાના હાથમાં હતું તે રાજ્ય પણ છોડવું પડેલું. રાજ્યસત્તા હાથમાં રાખીને ક્રાંતિ ન કરાવી શકત – બહુ તોએક સારા રાજા થઈ ગયા હોત, પરંતુ ક્રાંતિકાર ન થયા હોત. અકબર ઘણો સારો રાજા હતો, પણ તે ક્રાંતિકારી નહોતો. બુદ્ધે ક્રાંતિ કરી, ઈશુએ ક્રાંતિ કરી, ગાંધીજીએ ક્રાંતિ કરી; પરંતુ એ સૌએ ઉપાસના કરી નૈતિક શક્તિની. નૈતિક શક્તિનિર્માણ કરવાનું સરકારનું ગજું હોતું નથી. તે તો એ શક્તિની પાછળ ચાલે છે.'' અહીં 'સરકાર તો આમ જનતાનું પ્રતિબિંબ હોય છે.' એ શબ્દો બહુ મહત્ત્વના છે.

હવે જ્ઞાની રાજા કે જ્ઞાની રાજાના જ્ઞાની વારસ કરોડો લોકોને નીતિમત્તા, પ્રામાણિકતા અને નિષ્ઠાના પાઠો ભણાવે અને દેશ તો શું આખી દુનિયામાં વ્યાપેલ ભ્રષ્ટાચાર, હિંસા અને વિભાજક વલણોનાં વહેણને પાછાં વાળે તેવી વ્યર્થ ઈચ્છારાખવાને બદલે ઉપર ઉલ્લેખ કર્યો તે મનીષીઓના કથનને સમજી, સ્વીકારી, એ દિશામાં કાર્ય કરવા કટિબદ્ધ થયા વિના કોઈ આરો નથી.

E-mail : 71abuch@gmail.com

# ઉત્તરપ્રદેશમાં એન્કાઉન્ટરનો સિલસિલો/અશ્વિનકુમાર ન. કારીઆ

**ઉત્તરપ્રદેશના** મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ તેમની આક્રમક કાર્યપદ્ધતિથી જાણીતા થયા છે. તેમણે ગત ૧૫ ફેબ્રુઆરીના રોજ વિધાનપરિષદમાં એમ જાહેર કર્યું કે અત્યાર સુધીમાં ૧૨૦૦ એન્કાઉન્ટરમાં ૫૦ ગુનેગારોનો સફાયો કરી દેવાયો છે. તેમણે વધુમાં કહ્યું કે ગુનેગારો પ્રતિ સહાનુભૂતિ લોકશાહી માટે ખતરનાક છે. વિરોધપક્ષોએ આ પ્રકારની હત્યાઓ બદલ ટીકા કરી છે અને આરોપ મૂક્યો છે કે નિર્દોષ અનેક નાગરિકો પણ એન્કાઉન્ટરમાં માર્યા ગયા છે.

ઐતિહાસિક રીતે જોઈએ તો ૧૯૭૦માં એક સમય એવો હતો કે જ્યારે રાજ્યના ગૃહપ્રધાન દરેક જિલ્લાની મુલાકાતે જઈ ત્યાંના પોલીસ-અધિક્ષક સાથે બેઠક યોજતા અને સફાયો કરવાનો હોય, તેવી વ્યક્તિઓની યાદી તેમાં તૈયાર થતી. ઉત્તરપ્રદેશમાં એન્કાઉન્ટરનો સિલસિલો તે સમયથી શરૂ થયો છે. ધીરે ધીરે એમ સમજાવા લાગ્યું કે આ ટૂંકો રસ્તો કોઈ પણ રીતે અપનાવવો જોઈએ નહીં. માનવ-અધિકારોની બાબતમાં પણ હવે મહત્ત્વ અપાવા લાગ્યું હતું.

રાષ્ટ્રીય પોલીસ આયોગે ૧૯૭૯માં તેના પ્રથમ અહેવાલમાં જ ભલામણ કરી હતી કે ગેરકાયદે મંડળી વિખેરવા પોલીસે કરેલ ગોળીબારમાં, બે કે તેથી વધારે વ્યક્તિઓનાં મોત નીપજેલ હોય, તો તેની ન્યાયીક તપાસ થવી જોઈએ. રાષ્ટ્રીય માનવ અધિકાર આયોગે તા. ૨ ડિસેમ્બર, ૨૦૦૩ના રોજ જારી કરેલ માર્ગદર્શિકામાં કહ્યું છે કે પોલીસકાર્યમાં થયેલ મૃત્યુના તમામ બનાવોમાં મૅજિસ્ટ્રેટતપાસ યોજાવી જોઈએ અને આવી તપાસ/મૅજિસ્ટ્રેટતપાસમાં દોષિત જણાતા તમામ અધિકારીઓ સામે ફરિયાદ/શિસ્તભંગનાં પગલાં લેવાવાં જોઈએ. રાષ્ટ્રીય માનવઅધિકાર આયોગે ૨૦૧૦માં પુનઃ જારી કરેલ માર્ગદર્શિકામાં જણાવાયેલ છે કે એન્કાઉન્ટરના કોઈ પણ બનાવની ૪૮ કલાકમાં જાણ કરવાનું રાજ્ય માટે ફરજિયાત છે અને એન્કાઉન્ટર થયાની તારીખથી ત્રણ માસમાં તેનો વિગતવાર અહેવાલ આયોગને પહોંચતો કરવો જોઈએ.

સર્વોચ્ચ અદાલતે પીયુસીએલ વિ. સ્ટેટ ઑફ મહારાષ્ટ્રના કેસમાં ૨૩ સપ્ટેમ્બર, ૨૦૧૪ના રોજ વિગતવાર માર્ગદર્શિકાઓ જારી કરેલ છે. સર્વોચ્ચ અદાલતે જણાવેલ છે કે એન્કાઉન્ટરના તમામ કેસોમાં એક સિનિયર પોલીસ-અધિકારીની દેખરેખ હેઠળ અન્ય પોલીસ-સ્ટેશનની સીઆઈડી ટીમે અન્વેષણ હાથ ધરવું જોઈએ અને મૅજિસ્ટ્રેટતપાસ યોજીને મૅજિસ્ટ્રેટને તેનો અહેવાલ સુપરત કરવો જ જોઈએ. પોલીસ-ગોળીબારમાં મૃત્યુ પામતી તમામ વ્યક્તિઓના કેસોમાં દર છ માસે રાજ્યના પોલીસવડાએ રાષ્ટ્રીય માનવ-અધિકાર આયોગ અહેવાલ મોકલવા જણાવેલ છે. જો અન્વેષણમાં એવું તારણ નીકળે કે ગુનાહિત કૃત્યથી કોઈનું મોત થયેલ છે, તો અધિકારી સામે શિસ્તભંગનાં પગલાં લેવાવાં જોઈએ. સર્વોચ્ચ અદાલતે વધુમાં એમ પણ જારી કરેલ છે કે પોલીસ- અધિકારીએ મોત નિપજાવનાર શસ્ત્ર ફૉરેન્સિક લૅબોરેટરી તપાસ માટે સુપરત કરવું જોઈએ અને પોલીસનું કૃત્ય શુદ્ધબુદ્ધિનું પુરવાર ન થાય ત્યાં સુધી કોઈ પોલીસને પ્રમોશન કે બહાદુરી-ઍવૉર્ડ એનાયત થવા જોઈએ નહીં.

આ માર્ગદર્શિકાઓનું પરિણામ એ આવ્યું કે પોલીસ-અધિકારીઓ હવે બળનો ઉપયોગ કરતા અચકાવા લાગ્યા. કોઈ વાર જરૂર હોય, ત્યારે પોલીસે બળપ્રયોગ કરેલ હોય, તોપણ રાજકારણીઓ પોલીસનો બચાવ કરતા ન હતા. પોલીસદળ હવે બચાવની સ્થિતિમાં મુકાઈ ગયું હતું. એક રાજ્યમાં, રાજ્ય પોલીસવડાએ ખુલ્લેઆમ તોફાનીઓ પર બળપ્રયોગ કરવા ઇન્કાર કર્યો અને માત્ર તોફાનના બનાવની વીડિયોગ્રાફી કરવા આદેશ કર્યો. હરિયાણામાં ફેબ્રુઆરી, ૨૦૧૬માં થયેલ અનામત-આંદોલન સમયે પોલીસે કોઈ કામગીરી ન કરતાં, કાયદોવ્યવસ્થાની સ્થિતિ તદ્દન ભાંગી પડી હતી. વર્ષના ૧૨ માસ દરમિયાન મોટાભાગનાં રાજ્યોમાં કેન્દ્રીય સશસ્ત્ર દળ તૈનાત રાખવાની ફરજ પડે છે, કારણ કે રાજ્ય પોલીસ કાં તો સક્ષમ નથી અથવા નાઇચ્છુક છે.

યોગીસરકાર સત્તારૂઢ થયા પૂર્વેના દસકામાં ઉત્તરપ્રદેશમાં, કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ ઘણી ખરાબ થઈ ચૂકી હતી. ગુનેગારોનો એક વર્ગ એમ માનતો હતો કે તેઓ કાયદાથી પર છે. તેમણે પોતાનાં ગુનાહિત કૃત્યોથી સમાજને બાનમાં લીધો હતો. એક તોફાની ગુનેગાર જે ખરેખર જેલમાં હોવો જોઈતો હતો, તેના બદલે સચિવાલયની લૉબીમાં આંટા મારતો દેખાયો હતો. એક વખત તો અલ્હાબાદ હાઈકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિએ તોફાની તત્ત્વો હાઈકોર્ટમાં ઘૂસી જતાં, તેમણે લશ્કરને બોલાવવું પડ્યું હતુ. આવી પરિસ્થિતિમાં કડક પગલાં લેવાનું અનિવાર્ય હતું. પોલીસને તોફાની તત્ત્વો સાથે કડક હાથે કામ લેવા આદેશો જારી કરાયેલ હતા. આંકડા તરફ નજર નાખીએ, તો ૩૦ એન્કાઉન્ટરે એક મૃત્યુ થયેલ છે. કોઈ પણ સંજોગોમાં પોલીસે સાવચેતીપૂર્વક બળપ્રયોગ કરવો જોઈએ. તેણે કાયદાની મર્યાદામાં રહીને જ કાર્ય કરવું જોઈએ. ટૂંકો રસ્તો લાંબા ગાળે બૂમરેંગ પુરવાર થાય છે.

કોઈ પણ રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જાણવા માટે બે કસોટીઓ છે : પ્રથમ એ કે શું ગુનેગારોને પોલીસની બીક લાગે છે? બીજી એ કે લોકોને પોલીસ પર ભરોસો છે? યોગીસરકાર પ્રથમ કસોટીમાં પાર ઊતરી છે. પોલીસે લોકો સાથે મૈત્રીપૂર્ણ વ્યવહાર રાખવો જોઈએ.

[માહિતી સ્રોત : The Indian Express. તા. ૨૮ ફેબ્રુઆરી, ૨૦૧૮]

## બગલાની વારતા/કરસનદાસ લુહાર

જગલાની વારતા અને ભગલાની વારતા,
લીરા થયેલ ચોરણી, ડગલાની વારતા.

લુચ્ચાઈની સફેદી ને કાળાશનું બયાન,
એક કાગડો કહી રહ્યો બગલાની વારતા.

કૈં વાર સાંભળી બહેરા, કાન થૈ ગયા,
આ જિંદગી છે વાઘ ને સસલાની વારતા.

દુકાળિયાના દેશમાં જીવી રહી હજુ-
તું ધન્ય છે હે, ધાન્યના ઢગલાની વારતા!

રસ્તો કહેશે ધૂળની ભાષા મહીં કદી-
રસ્તે પડ્યાં નથી જ એ પગલાંની વારતા.

સૌ સાંભળે પણ કોઈ ન હોંકારો આપતું;
રઘલો કહે ગરીબીના ગગલાની વારતા.

મહુવા, ભાવનગર

## બાબાસાહેબ આંબેડકર અને આર.એસ.એસ. / અંબાલાલ ઉપાધ્યાય

**૧૯૨૫ની** સાલમાં નાગપુરમાં હિન્દુ કટ્ટરપંથીઓએ આર.એસ.એસ.ની સ્થાપના નાગપુરમાં કરી હતી. ત્યારે દેશમાં અંગ્રેજો સામેની સ્વાયંત્ર્યની લડત પુરજોશમાં ચાલતી હતી. મહાત્મા ગાંધીજીએ કૉંગ્રેસનું નેતૃત્વ સંભાળ્યું, ત્યારે અંગ્રેજો સામેની સ્વાતંત્ર્યની લડત સાથે જ દેશમાં દલિતો સાથે હિન્દુ સમાજ અસ્પૃશ્યતાનો દુર્વ્યહાર રાખતો હતો.

આફ્રિકા જતા કાળા-ગોરાના ભેદભાવનો ખુદ ગાંધીજીને ભોગ બનવું પડ્યું હતું. એટલે ભારતમાં દલિતો સાથેનો અસ્પૃશ્યતાના વ્યવહાર સામે ગાંધીનો અગણમો હતો. અંગ્રેજો સામે સ્વાતંત્ર્ય માટે લડતી કૉંગ્રેસપાર્ટીને જ તેઓએ દલિતોના અસ્પૃશ્યતાના મુદ્દે લડત આપવા જોતરી દીધી હતી, ત્યારથી મહાત્મા ગાંધીના નેતૃત્વમાં કૉંગ્રેસપક્ષ તરફથી અસ્પૃશ્યતા સામે આંદોલન ચાલ્યું હતું. બાબાસાહેબ આંબેડકર પરદેશ જઈ બૅરિસ્ટરની પદવી લઈ ભારત આવ્યા, ત્યારે તેઓએ દલિતોનું અસ્પૃશ્યતા સામેનું આગવું આંદોલન શરૂ કર્યું હતું. બે મોરચે અસ્પૃશ્યતાના મુદ્દે દેશમાં લડત ચાલતી હતી.

આર.એસ.એસ.ની સ્થાપના હિન્દુસંગઠનના મુદ્દે થઈ હતી. આર.એસ.એસ. કટ્ટર હિન્દુ સમાજના કિશોરોને તાલીમ આપતો હતો, તે માટે નિયમિત શાખાઓ ચાલતી હતી.

દેશમાં કરોડોની સંખ્યામાં દલિતો હતા, જેઓ હિન્દુધર્મ પાળતા હતા, તોપણ કટ્ટરવાદી સમાજે દલિતો સાથે અમાનવીય દુર્વ્યવહાર રાખ્યો હતો. ત્યારે બીજી બાજુ જેઓ હિન્દુ નહીં પણ ખ્રિસ્તી, મુસ્લિમ જેવા ધર્મો પાળનારો સમાજ ભારતમાં દલિતો જોડે ખુલ્લેઆમ માનવીય વ્યવહાર રાખતો હતો. છતાં પણ દલિતો હિન્દુ સમાજની લાતો ખાઈને પણ હિન્દુધર્મમાં ડૂબેલા હતા. મહાત્મા ગાંધીજીના નેતૃત્વમાં મંદિરોમાં દલિતોને પ્રવેશ આપવાના મુદ્દે દેશભરમાં સત્યાગ્રહ કર્યા હતા, ત્યારે બીજી બાજુ બાબાસાહેબ આંબેડકરે પોતાની આગવા સંગઠનથી દલિતોની લડત ચલાવી હતી. હિન્દુ સંગઠન માટે રચાયેલા આર.એસ.એસ.ના નેતાઓએ દલિતો સાથેના સવર્ણોના અમાનવીય વ્યવહાર અંગે મૌન સેવી દીધું હતું. મહાત્મા ગાંધીજી અને બાબાસાહેબ આંબેડકરની દલિતોની લડત અંગે એક શબ્દ પણ આર.એસ.એસ.ના નેતાઓએ ઉચ્ચાર્યો ન હતો. આર.એસ.એસ.ના નેતાઓ બાબાસાહેબ આંબેડકરને આશ્વાસનના બે શબ્દો કહેવાની વાતો દૂર રહી પણ બાબાસાહેબ જોડે બોલવાનોય વ્યવહાર રાખ્યો ન હતો. હિન્દુ કટ્ટરવાદીઓ ઉપર આર.એસ.એસ.નું વર્ચસ્વ હતું, એટલે આર.એસ.એસ.ની માનસિકતા દલિત તરફી હોત તોપણ તે પ્રશ્નનો સુખદ ઉકેલ આવી શક્યો હોત. પરંતુ આર.એસ.એસ. મનુસ્મૃતિના આધારે હિન્દુ સમાજમાંના ચાર વર્ણોની પ્રથા બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શુદ્ર વ્યવસ્થાને તેઓ સ્વીકારતા હતા. આર.એસ.એસ.ના અગ્રણી દિનદયાળ ઉપાધ્યાયે હિન્દુ સમાજ અંગે ઉપરની ચાર વર્ણોની વ્યવસ્થાઓને અનુમોદન આપેલ છે, એટલે આર.એસ.એસ.દલિતોના અસ્પૃશ્યતાના મુદ્દે મૌન થઈને બેસી રહ્યો હતો.

મહાત્મા ગાંધીજીનું હિન્દુ કટ્ટરવાદીઓના હાથે મોત નિપજાવ્યું હતું. તેવી રીતે આર.એસ.એસ.ના કટ્ટરવાદે બાબાસાહેબ આંબેડકરને પણ હિન્દુધર્મમાંથી સામૂહિક હિજરત કરવાની ફરજ પડી હતી. તેઓએ કહ્યું હતું કે હું હિન્દુ તરીકે જન્મ્યો છું, પરંતુ મરીશ ત્યારે હિન્દુ નહીં હોઉં.

ત્યાં સુધી પણ આર.એસ.એસ.ના સરસંઘચાલક ગોળવેલકરે કે સંઘના અન્ય કોઈ કાર્યકરે બાબાસાહેબને સામૂહિક ધર્મપરિવર્તન કરતા રોકવા કોશિશ કરી ન હતી. ઊલટું આર.એસ.એસ. વાળાઓએ પ્રત્યાઘાત આપ્યા હતા કે તેઓ બૌદ્ધધર્મમાં ગયા તે સારું કર્યું. લાખો દલિતો હિન્દુધર્મ છોડીને બીજા ધર્મમાં ગયા, તેનો અફસોસ આર.એસ.એસ.ને હતો નહીં.

આજે તો નથી મહાત્મા ગાંધીજી, નથી બાબાસાહેબ આંબેડકર, પરંતુ દેશનાં હિન્દુ કટ્ટરવાદી બળો દલિતોના ગુમરાહ કરવા ભરચક પ્રયાસો કરે છે. દેશનાં તમામ રાજ્યોનાં જુદી-જુદી ભાષાનાં અખબારોમાં બાબાસાહેબનો આખા પાનાનો ફોટો મૂકી બાબાસાહેબ તેમના પક્ષના નેતા હોય તેવો દેખાવ કરી રહ્યા છે. મહાત્મા ગાંધીજીની હત્યા કરનાર હિન્દુ કટ્ટર વિચારધારા જનતાને મૂર્ખ બનાવનાર ગાંધી મંદિર બનાવી શકે છે. મહાત્મા ગાંધીજીના ખૂનથી આઘાત પામીને સરદાર ચાલ્યા ગયા તોય હિન્દુ કટ્ટર વિચારધારા જનતાને ભ્રમમાં નાખવા સરદારનું ઊંચા કદનું બાવલું મૂકી શકે છે!



## પીવાના પાણીનું સંકટ ટળ્યું, પણ ખેતી માટે સિંચાઈનું શું ? / ગૌતમ ઠાકર

**ગુજરાતમાં** પાણીની સમસ્યાએ છેલ્લા થોડા દિવસોમાં ચર્ચાની એરણ પર એક ગંભીર સ્વરૂપ ધારણ કર્યું હતું, તેવા સમયે મે, જૂન માસમાં શું પરિસ્થિતિ નિર્માણ પામશે તે કહેવું અઘરું હતું. પણ સદ્ભાગ્યે નર્મદા કંટ્રોલ ઓથોરિટીએ ડેમમાંથી સીપેજ અને ડેડ સ્ટોરેજમાંથી પાણીનો જથ્થો ઉપયોગમાં લેવાની મંજૂરી આપી છે. સરદાર સરોવરની ઈરીગેશન બાયપાસ ટનલ (આઈબીપીટી)નો ઉપયોગ કરી પાણીને હવે ૧૧૦ મીટરને બદલે ૮૮ મીટર સુધી વાપરી શકાશે. સરકારનો એવો દાવો છે કે આશરે ૧૦,૦૦૦ જેટલા ગામડાઓ અને ૧૬૭ નગરોને પીવાના પાણીની સમસ્યા આગામી ચાર માસ દરમિયાન રહેશે નહીં.

સૂત્રો દ્વારા એવી માહિતી મળે છે કે આ વ્યવસ્થાનો ઉપયોગ પીવાના પાણીમાં થઈ શકશે પણ ૧૫ માર્ચ પછી ખેતીને - સિંચાઈ દ્વારા પાણી મળશે નહીં. એટલે ગુજરાતમાં પીવાનું પાણી મળશે પણ ખેતી માટે પાણી અપાશે નહીં. રવિ અને ખરીફપાકનું વાવેતર કરતાં ખેડૂતોને નર્મદા કૅનાલમાંથી પાણી મળી શકશે નહીં. કૅનાલમાંથી ખેડૂતો સિંચાઈ માટે થોડું ઘણું પાણી લઈ લેતા હતા, પણ આ વર્ષે પાણીનો 'અર્ધદુકાળ' હોવાથી આ રીતે પાણી ખેડૂતો લઈ શકશે નહીં. પાણીના અભાવને કારણે ઉનાળુ કૃષિવાવેતર જોખમમાં મુકાઈ ગયું છે. ગુજરાતનો શાસકપક્ષ તેમાં કારણ એવું આપે છે કે મધ્યપ્રદેશમાં થયેલા ઓછા વરસાદને પરિણામે ઇન્દિરાસાગર જેવા તથા ત્યાંના અન્ય મોટા ડેમમાં પાણીની આવક ઓછી થવાથી સરદાર સરોવર ડેમમાં પાણી ઓછું આવ્યું છે. તેને કારણે રાજ્યના ખેડૂતોને સિંચાઈની સુવિધા મળી શકે તેમ નથી. આકરા ઉનાળામાં પણ પીવાનું પાણી પ્રાથમિકતા છે, એટલે કે લોકોને પીવાના પાણી વિના ના

રાખી શકાય. એટલે અમે ખેતીને પાણી આપી શકીએ તેમ નથી. આવું મુખ્યમંત્રીશ્રી અને ઉપમુખ્યમંત્રી કહે છે.

જ્યારે હકીકતમાં, ખેડૂતોને ઢોર-ઢાંખર અને ખેતીને પાણી ન આપી શકવાની આ વાત પાછળ સરકારે છેલ્લા ચાર માસમાં પાણીનો કરેલો વેડફાટ જવાબદાર છે. આ વૃત્તિ ૨૦૧૭ના ચૂંટણી સમયે દૃષ્ટિગોચર થઈ હતી. ચૂંટણી સમયે નર્મદાનો એક મતબૅન્ક તરીકે શાસકપક્ષે ઉપયોગ કર્યો હતો. ટૅન્કરમુક્ત ગુજરાત કહેનારઓને આજે ટૅન્કરયુક્ત પરિસ્થિતિમાં આવી જવું પડ્યું છે. ગત વર્ષ કરતાં આ વખતે નર્મદામાં આઠ મીટર પાણી વધુ આવ્યું હોવા છતાં વિકટ પરિસ્થિતિ સર્જવામાં શાસકપક્ષ અને વહીવટદારો સંપૂર્ણપણે જવાબદાર છે. ટૂંકમાં, તેમની આ ગુનાહિત બેદરકારીને કારણે જ ગુજરાતની પ્રજાને અને ખાસ કરીને ખેડૂતોને ભોગવવાની આવી છે.

નર્મદાયોજના ગુજરાતના લોકો માટે જીવાદોરી છે, એમ કહેવાતું રહ્યું છે, પણ છેલ્લાં ૧૫ વર્ષમાં સરકાર નર્મદાયોજનાનું કામ પૂરું કરી શકી નથી અને ખેડૂતોને પાણી નહીં પહોંચાડી શકીને તેના અણઘડ વહીવટનો શ્રેષ્ઠ નમૂનો પેશ કર્યો છે. ચૂંટણી જીતવા નર્મદાનું પાણી વેડફવામાં આવ્યું છે. પહેલી ડિસેમ્બર, ૨૦૧૭ના રોજ ડેમમાં ૧૨૪ મીટરની ઊંચાઈએ પાણી હતું, જે ૩૧મી ડિસેમ્બરે ૧૧૮ થઈ ગયું અને આજે ૧૧૧ એ આવીને અટક્યું છે. સૌરાષ્ટ્રમાં ડેમો ભરવાના કારણે પાણીનો દુરુપયોગ કરવામાં આવ્યો. વરસાદના સમયે નર્મદાનાં પાણીથી આજીડેમ ભરાય છે અને વધુ વરસાદ પડવાથી તે ઓવરફ્લો થઈ પાણી દરિયામાં જતું રહે છે. શહેરી મધ્યમવર્ગને પાણીથી ન વંચિત રાખી શકાય તેવી વિચારસરણી ધરવતો શાસક પક્ષ ગ્રામીણ ખેડૂતોને પાણી ન આપવાની માનસિકતાને કારણે આજે ખેડૂતો ગંભીર પરિસ્થિતિમાં મુકાઈ ગયા છે. કેટલું સહેલું છે એમ કહેવું કે "નર્મદા બંધમાં પાણી નથી. એટલે ઉનાળુ પાકનું વાવેતર ન કરશો."

ગુજરાતના નર્મદા ઉપરાંતના અન્ય ડેમો ઉકાઈ, ધરોઈ, કડાણા, શેત્રુંજી વગેરેમાં પણ પાણીની ક્ષમતા ખૂબ જ ઘટી ગઈ છે. ઉકાઈડૅમમાં ગયા વર્ષની સરખામણીએ માત્ર ૫૦ ટકા પાણી છે. રાજકોટમાં આજી ડેમના તળિયાં દેખાવા લાગ્યાં છે. ચાણોદ પાસ અસ્થિવિસર્જન માટે ચાર-પાંચ ફૂટ જેટલું પણ પાણી આજે નથી ત્યારે આ બધું પાણી ક્યાં ગયું, તેનો હિસાબ વિભાગવાર એટલે કે સિંચાઈ, પીવાનું પાણી અને ઔદ્યોગિક વપરાશને કેટલું આપવામાં આવે છે, એટલું જણાવવામાં સરકાર ઠાગાઠૈયા કરે છે. ઉપરાંત મોસમ-પરિવર્તનનો કોઈ અભ્યાસ પણ કરવાની તસ્દી લેવાતી નથી, શહેરનાં તળાવોમાં મકાનો બાંધવામાં આવ્યાં હોવાથી વરસાદી પાણીનો સંગ્રહ કે ઉપયોગ થઈ શકતો નથી, ત્યારે પ્રજાએ જાગૃત થઈને પાણી બચાવવા માટે જાગૃતિ-અભિયાન છેડવું પડશે, નહિતર આ વર્ષે પાણીની કટોકટી વધુ ગંભીર બની શકે તેમ છે.

E-mail: gthaker1946@gmail.com

વાચકો લખે છે

## 'નિરીક્ષક' અનેક વાચકો ગ્રંથાલયમાં વાંચતા જોવા મળે છે

**ન. અ. પુરાણી**

**દર મહિને** તા. ૨થી ૪ અને તા. ૧૬-૧૮ (ટપાલની રજાઓ કે અનિયમિત) વચ્ચે વાંચવા મળતું 'નિરીક્ષક' તંત્રીશ્રી પ્રકાશભાઈ શાહની તત્પરતા, તાદાત્મ્યતા અને તત્પરશીલતાને આભારી છે રચનાત્મક તથા ટીકાત્મક તંત્રીલેખો, સમયસર અંક પ્રસિદ્ધ થાય માટે તેમનું પ્રેસ અને લેખકો સાથેનું ટીમવર્ક નોંધનીય છે. વાચકો અને લેખકોના આક્રોશ તટસ્થ રીતે છાપવો તે 'નિરીક્ષક'ની વિશેષ લાક્ષણિકતા છે. સાંસ્કૃતિક, સાહિત્ય, સમાજકારણી, રાજકારણી અને વૈજ્ઞાનિક અભિગમ અંગેના તેમના અભિપ્રાયો સરાહનીય છે. અગાઉની તેમની અધ્યાપક, જ્ઞાનગંગોત્રી શ્રેણીના સંપાદક સભ્ય, 'જનસત્તા'માં પત્રકારત્વ, કટોકટી પછી રાજકારણમાં ચૂંટણીઓ સમયના તેમનાં પ્રવચનો, કોઈપણ રાજકીયપક્ષ સાથે સંકળાયેલા નહીં, છતાં સક્રિય રાજકારણ સાથેની ચિંતનશીલતા, જેવા તેમના અનુભવો અહીં યાદ કરવા અસ્થાને ના કહેવાય. ઇતિહાસના ચિંતનશીલ લેખકો અને તેમનાં પુસ્તકો અંગેની જાણકારી તેમના પ્રવચનોમાં જોવા મળે. ઘણાં સામાયિકોની જેમ 'નિરીક્ષક' આર્થિક ભીંસ વચ્ચે સમયસર પ્રગટ થાય તે તંત્રીને આભારી છે. વાર્ષિક કે આજીવન સભ્ય હોય નહિ તેવા અનેક વાચકો ગ્રંથાલયમાં વાંચતા જોવા મળે છે, તેનો યશ પણ તંત્રીને જાય છે.

**અમદાવાદ**

***તંત્રી :*** *રાજ્યશાસ્ત્રના નિવૃત્ત પ્રાધ્યાપક નરેન્દ્રભાઈ પુરાણીએ 'નિરીક્ષક'ને પત્ર (અને 'પુષ્પ') પાઠવતાં વ્યક્ત કરેલો હૃદયભાવ સૌ પૂર્વસૂરિઓ અને જૂનાનવા સાથીઓ વતી કૃતજ્ઞતાપૂર્વક સ્વીકારું છું. એપ્રિલ ૧૯૯૨થી મારે સંભાળવાનું આવ્યું એથી, કેવળ સુદીર્ઘ કાર્યકાળવશ કેટલીક વાર 'નિરીક્ષક' અને હું સમીકૃત જેવા જણાઈએ તો પણ યશ તો યથાપ્રસંગ સહભાગી થતાં સૌનો મળીને જ બને છે. આ પત્રમાં મારે વિશે, મારી પત્રકારી અને અધ્યાપકી વિશે, જાહેર બાબતોમાં સંડોવણી વિશે જે બધું ઉમળકાથી કહેવાયું છે તે હું વસ્તુતઃ શું કરી શક્યો છું એના કરતાં વધુ તો શું શું અપેક્ષિત છે એ ધોરણે દાયિત્વ-ચીમકીરૂપે માથે ચઢાવું છું. હમણાં જે વ્યાખ્યાનો (અહિંસા શોધ ભવન, ગૂજરાત વિદ્યાપીઠ, દર મંગળવાર બપોરના ૪:૩૦ વાગ્યે) ચાલે છે. એમાં છેલ્લાં બસો-સવા બસો વરસના વિશેષ સંદર્ભમાં વિચારયાત્રાનો ઉપક્રમ એકંદર ભૂમિકાબોધને ખોજવા-ઊંટવા-તરાશવાની દૃષ્ટિ ઉપયોગી થઈ પડશે તેમ ધારું છું.*

## બંને સર્જકોની વિદાયથી વ્યથા

**ઈશ્વરભાઈ બી. પરમાર**

**'નિરીક્ષક'નો** તા. ૧૬-૨-૨૦૧૮નો અંક વાંચ્યો. 'નિરંજન વિશેષ'માંની શ્રી નિરંજન ભગતની કાવ્ય રચનાઓ રસપ્રદ અને ભાવવાહી લાગી. સદ્‌ગત શ્રી નિરંજન ભગત અંગેના સ્મરણ લેખો દ્વારા જાણવા મળ્યું કે તેઓની સાહિત્યનિષ્ઠા કેટલી ઉત્કૃષ્ટ અને પ્રેરણદાયી હતી! અંગ્રેજી સાહિત્યના પ્રખર અભ્યાસી કવિશ્રી નિરંજન ભગતે ભાવપૂર્ણ સ્મરણાંજલિ! તા. ૮-૧-૨૦૧૮ના રોજ મારા મિત્ર આ પ્રસિદ્ધ વાર્તાકાર (અને કવિ)શ્રી ઉજમશી પરમારનું અચાનક અવસાન થયું. જે આઘાતજનક કહી શકાય. આ બંને સર્જકોની વિદાયથી વ્યથા અનુભવ થયો.

નવા વાડજ, અમદાવાદ

**હવે પછી,**

**જે. એસ. બંદુકવાલા**

કોમી રમખાણોનાં ૧૬ વર્ષ :
ઉમ્મિદોં કે નિશાં બાકી હૈં

# સયાજીરાવ ગાયકવાડનો વારસો/મકરન્દ મહેતા

**સયાજીરાવ** ગાયકવાડ (૧૮૬૩-૧૯૩૯)ની ૧૭૫મી જન્મજયંતી તા.૧૧ માર્ચ, ૨૦૧૮ના રોજ ઊજવાઈ. સયાજીરાવ માત્ર વડોદરા રાજ્યના મહારાજા ન હતા, તેઓ સાંસ્થાનિક ભારતના એક મોટા ગજાના ભારતીય નેતા હતા. તેમણે સંગીત, સાહિત્ય, ચિત્રકલા, પ્રાથમિકથી શરૂ કરીને ઉચ્ચશિક્ષણ, રમતગમત અને વ્યાપારઉદ્યોગને ઉત્તેજન આપ્યું હતું. તેઓ પ્રખર રાષ્ટ્રવાદી હતા. દાદાભાઈ નવરોજી, રોમેશચંદ્ર દત્ત અને મહાદેવ ગોવિંદ રાનડેની જેમ તેઓ મોટા ગજાના આર્થિક રાષ્ટ્રવાદી હતા એટલું જ નહીં પણ એમણે પરંપરાગત ગૃહઉદ્યોગો તથા નવી ટેક્નોલૉજીને આધારે આધુનિક ઉદ્યોગો વિકસાવીને પરાધીન ભારતને સ્વનિર્ભર કરવાના અથાગ પ્રયાસો કર્યા હતા. તેમનો આર્થિક રાષ્ટ્રવાદ તેમની શૈક્ષણિક અને સામાજિક નીતિઓ વગર સમજી શકાય તેમ નથી. ૧૯૦૨માં સયાજીરાવે કૉંગ્રેસના અધિવેશનની સાથે અમદાવાદમાં યોજાયેલા ઔદ્યોગિક પ્રદર્શનમાં કહ્યું હતું : "જો આર્થિક રાષ્ટ્રવાદનો ઉદ્દેશ વિકાસનો હોય, તો છેવટે આ વિકાસ કોને માટે છે? વિકાસનો લાભ ગરીબો સુધી પહોંચવો જ જોઈએ.

**શૈશવકાળના અનુભવો :** સવાલ એ છે કે અત્યંત ધનવાન અને સત્તાધારી રાજા હોવા છતાં તેઓ ગરીબો અને વંચિતોની વહારે કેમ ધાયા હતા. ખરી વાત એ છે કે ૧૮૭૫માં રાજા તરીકે પસંદ થયા તે પહેલાં સયાજીરાવે 'ગોપાલરાવ ગાયકવાડ' તરીકે બાળપણમાં કવળાણા ગામ (જિ. નાસિક)માં ખેતી કરી હતી અને મરાઠા, મહાર અને કણબી બાળકો સાથે રમતો રમ્યા હતા. વળી, તેમના પિતા કાશીરામ અને કાકાઓ જ્યોતીરાવ ફુલેના બહુજનસમાજ આંદોલનના સંપર્કમાં હતા. બહુજનસમાજ આંદોલન ઊંચ-નીચના ભેદભાવ ઉપર રચાયેલા વર્ણ અને શાંતિવ્યવસ્થા સામેનો 'કલ્ચરલ રિવોલ્ટ' હતો. માત્ર ૧૨મે વર્ષે જ્યારે ગોપાળરાવ સયાજીરાવમાં પલટાયા, ત્યારે હરીફ મરાઠા સરદારોએ ગાદી પ્રાપ્ત કરવા તેમને મહાર અસ્પૃશ્ય તરીકે જાહેર કરેલા. બાળકના મનને શું થયું હશે! છેવટ સુધી સયાજીરાવે ખેડૂતો, આદિવાસીઓ અને દલિતો સાથેની આઈડેન્ટિટી ચાલુ રાખી હતી. તેની ભીતરમાં સયાજીરાવના બાળપણના મનોવૈજ્ઞાનિક અને ઇમોશનલ ડિસ્ટર્બન્સમાં સૂક્ષ્મ કણો છુપાયા હતા. અત્રે યાદ રહે કે જે સમયે બાબાસાહેબ આંબેડકરને કોઈ ઓળખતું પણ ન હતું. તે સમયે તેમને વધુ અભ્યાસ માટે ૧૯૧૩માં અમેરિકા અને ઇંગ્લેન્ડ મોકલનાર સયાજીરાવ જ હતા. જગાને અભાવે અહીં સંક્ષિપ્તમાં ચર્ચા કરીશું.

**દલિતઉત્કર્ષ-પ્રવૃત્તિ :** સ્ત્રી-કેળવણી અને દલિતો તથા આદિવાસીઓના શિક્ષણને ઉત્તેજન આપવા સયાજીરાવે ૧૮૯૨માં અમરેલી તાલુકાને પસંદ કરીને મુક્ત અને ફરજિયાત શિક્ષણનો ધારો પસાર કર્યો. અસ્પૃશ્ય બાળકોનો જ્યારે સવર્ણ બાળકો અને તેમના વાલીઓએ વિરોધ કર્યો, ત્યારે સયાજીરાવે કાયદા મુજબ તેમને કડક સજા કરી. તેની ધારી અસર થઈ. અમરેલીનો પ્રયોગ સફળ થતાં મહારાજાએ ૧૯૦૭માં આ કાયદો સમગ્ર રાજ્યને લાગુ પાડ્યો. નોટ, પેન્સિલ, સ્લેટ, પેન, ભણવાનું મફત. જે વિદ્યાર્થી નિયમિત હાજરી પુરાવે, તેને પ્રોત્સાહન-ઇનામ મળે અને જે ગેરહાજર રહે તેને દંડ થાય.

સયાજીરાવે મફત અને ફરજિયાત શિક્ષણનો કાયદો પસાર કરીને રાજ્યમાં ઠેરઠેર અંત્યજ શાળાઓ શરૂ કરી. જ્યારે લોકોએ 'હોહા' કરી મૂકી, ત્યારે રાજાએ સત્તા તથા પ્રગતિશીલ કાયદાનો ઉપયોગ કરીને જાહેર કર્યું "હું એક પ્રગતિશીલ રાજા છું અને માનવ-સમાનતામાં માનું છું. તેથી મેં કાયદો પસાર કરીને મારાં સૌ પ્રજાજનોને શૈક્ષણિક તકો પૂરી પાડી છે. જો તમે વિરોધ કરશો, તો હું તમને પહેલાં કરતાં પણ વધારે આકરી સજા કરીશ." જ્યાં આવું વાતાવરણ હોય ત્યાં 'ઉનાકાંડ' ક્યાં હોય?! મહારાજા આર્થિક રાષ્ટ્રવાદી હતા, કલ્ચરલ નેશનાલિસ્ટ કદી પણ નહીં! ૧૯૦૩માં તેઓ મુંબઈના ડિપ્રેસ્ડ કલાસીસ મિશનના પ્રમુખ અને પ્રખર સમાજસુધારક વિઠ્ઠલ રામજી શિંદેને વડોદરા બોલાવી લાવ્યા. ૧૯૦૭માં લાહોર ગયા અને મહાન આર્યસમાજ નેતા આત્મરામ અમૃતસરીને વડોદરા બોલાવી લાવ્યા. તેમના દલિત શિષ્ય નાગજીભાઈ આર્યએ પોતાના અનુભવો ટાંકતાં લખ્યું છે કે એક પ્રસંગે જ્યારે અંત્યજ વિદ્યાર્થીઓ આત્મારામ સાથે ડમણિયા અને ગાડામાં બેસીને વડોદરાથી ડભોઈ જઈ રહ્યા હતા, ત્યારે તેમને સવર્ણ હિંદુઓએ અટકાવ્યા કે તમે અસ્પૃશ્ય હોવા છતાં સારાં કપડાં પહેરીને બળદગાડામાં કેમ જાવ છો. તેમાંથી બખેડો થતાં તાલીમ પામેલા અસ્પૃશ્યોએ લાઠી અને દંડાઓનો પ્રયોગ કરીને કેટલાક દુશ્મનોનાં હાડકાં ખોખરાં કરી નાખ્યાં! આવું સંઘબળ જોઈને તેઓ ભાગી ગયા. આમ છતાં તે સમયે આજની જેમ આપણો મોટા ભાગનો સવર્ણ સમાજ એવો તો જડ હતો કે મહારાજાને નાકે દમ આવ્યો હતો. તા. ૧૬-૯-૧૯૦૯ના રોજ પૂનામાં યોજાયેલા ડિપ્રેસ્ડ ક્લાસીસ મિશનના મેળાવડામાં સયાજીરાવે ભાષણમાં કહ્યું હતું :

"તમને જણાવતાં મને આનંદ થાય છે કે આજે મારા રાજ્યમાં ૩૩૬ અંત્યજ શાળાઓ ચાલે છે અને તેમાં દસ હજાર કરતાં વધારે છોકરા-છોકરીઓ ભણે છે. આ ઉપરાંત મેં ચાર વસ્તીગૃહો કાઢ્યાં છે. પણ મારે દિલગીરી સાથે કહેવું પડે છે કે, હજુ પણ ઘણાં હિંદુ શિક્ષકો એવા તો જડ છે કે તેમને દોઢો પગાર વધારે આપવા છતાં તેઓ મારી ઑફર સ્વીકારતા નથી. તેથી હું બાળકોને ભણાવવા ખ્રિસ્તી, મુસલમાન, પારસી અને યહૂદી શિક્ષકોની નિમણૂક કરું છું."

સયાજીરાવે ધીમે-ધીમે શિક્ષિત અંત્યજોને રાજ્યની નોકરીમાં લીધા. વૉટરવર્ક્સ, કેળવણી, બાગબગીચા, મિસ્ત્રીકામ, ઇલેક્ટ્રિશિયન, સુધરાઈ અને પોલીસખાતામાં આ રીતે દલિતો નોકરિયાત બન્યા. આપણે અગાઉ જોયું તે મુજબ ડૉ. આંબેડકરને ઉચ્ચ અભ્યાસ માટે મહારાજાએ વિદેશ મોકલ્યા હતા. ઈ.સ. ૧૯૩૬ના એક અહેવાલ મુજબ :

"હાલ વડોદરાની રાજ્યનાં ૨૪,૧૯૭ અંત્યજ બાળકો પ્રાથમિક શાળામાં અને ૨૦૩૪ વિદ્યાર્થીઓ માધ્યમિક અંગ્રેજી હાઈસ્કૂલોમાં અભ્યાસ કરી રહ્યાં છે. સરકાર તેમને મફત શિક્ષણ આપવા ઉપરાંત મફત પેન, પેન્સિલ, સ્લેટ અને પાઠ્યપુસ્તકો આપે છે. વડોદરા કૉલેજમાં હાલ ૨૮ અંત્યજો ભણી રહ્યા છે. વડોદરા, પાટણ, અમરેલી, સોનગઢ, વ્યારા અને મહુવાનાં વસતિગૃહોમાં અંત્યજ વિદ્યાર્થીઓ મફત ભણે છે. તેમનું ખાવાપીવાનું પણ સરકાર પૂરું પાડે છે."

મહારાજા સયાજીરાવ ગાયકવાડ માટે કહેવાયું છે કે 'The Maharaja had the might of an autocrat, but the mind of a democrat.' તેઓ સાચા અર્થમાં દલિતોના મિત્ર અને ઉદ્ધારક હતા. મહારાજાનો આ વારસો ખરેખર પ્રેરણાદાય છે.

**સયાજીરાવ ગાયકવાડ અને આદિવાસીઓ :** દલિતોની જેમ મહારાજા આદિવાસીઓના પણ ઉદ્ધારક હતા. તેઓ તેમના રાજ્યનાં તમામ તાલુકાઓ અને ગામોમાં ફરીને પ્રજાની પરિસ્થિતિનો પ્રત્યક્ષ અનુભવ કરતા. તે મુજબ તેમણે ઈ.સ. ૧૮૮૪માં નવસારી પ્રાંતમાં માંગરોળ, કામરેજ, સોનગઢ, વ્યારા, મહુવા, પલસાણા, નવસારી અને ગણદેવી એમ તમામ ૮ તાલુકાઓની મુલાકાત લીધી. તેમણે તંબુઓ બાંધીને ચૌધરી, ડામોર, ગામીત, કાથુડિયા, ઘોડિયા, કુકણા, વસાવા અને દૂબળા જેવા અત્યંત ગરીબ, નિરક્ષર અને પછાત આદિવાસીઓની મુલાકાત લીધી અને તેમની સાથે વાર્તાલાપો કર્યા. ત્યાંથી પાછા ફર્યા બાદ તેમણે પ્રાંતના સૂબા ગોવિંદભાઈ હાથીભાઈ દેસાઈ સાથે યોજના ઘડી અને ૧૮૮૬માં સોનગઢ અને વ્યારામાં આદિવાસીઓની શાળાઓ અને હૉસ્ટેલોની સ્થાપના કરી. તેને બીજે વર્ષે અન્ય તાલુકાઓમાં શાળાઓ અને હૉસ્ટેલોની સ્થાપના કરી. હિંદુ શિક્ષકો તેમને ભણાવવા તૈયાર ન હોવાથી મુસલમાન શિક્ષકોને નોકરી આપી. મહારાજાએ ફતેહખાન પઠાણ નામના બાહોશ કેળવણીકારને આદિવાસી શાળાઓ અને છાત્રાલયોના સિપ્રિન્ટેન્ડન્ટ બનાવ્યા. વડોદરામાં દલિતોની શાળાઓ અને હૉસ્ટેલોના સુપ્રિન્ટેન્ડન્ટ આર્યસમાજી નેતા આત્મારામ અમૃતસરી અને આદિવાસીઓના સુપ્રિન્ટેન્ડેન્ટ ફતેહખાન પઠાણ ! બંને મિલિટન્ટ હોવાથી લાઠીરૂપી 'લાલિયો લઠ્ઠ' રાખતા અને વિદ્યાર્થીઓને પકડાવી તે તેમને તાલીમ આપતા અને તેમનાં બાવડાં મજબૂત બનાવતાં. જ્યાં તમામ વિનંતિઓ અને દલિતો નિષ્ફળ જાય. ત્યાં આજે પણ 'લાલિયો લઠ્ઠ' જ કામમાં આવે છે! મહારાજા કલ્ચરલ નેશનાલિસ્ટ નહોતા! તેમણે આદિવાસીઓ અને દલિતોનાં બાવડાં મજબૂત બનાવ્યાં હતાં. આ પણ આજે સમજી જવા જેવી વાત છે! સયાજીરાવ સ્વમાની રાજા હતા અને રૈયતને સ્વમાની બનાવવાના પ્રયાસો કરતા હતા. અહીં વિખ્યાત અમેરિકન સાહિત્યકાર વૉલ્ટ વ્હીટમેનનું (૧૮૧૯-૧૮૯૨) 'Song of Myself' યાદ આવે છે, કારણ કે તે સયાજીરાવનાં માનવીય મૂલ્યો તેમજ તેમની સમાનતાની ભાવનાને વ્યક્ત કરે છે.

"I Celebrate myself, and Sing myself,
And what I assume, you shall assume,
For every atom belonging to me.
As good belongs also to you."

સયાજીરાવે આદિવાસી સમાજ અને અન્ય ખેડૂતોના લાભ માટે સહકારી મંડળીઓ સ્થાપી, કૃષિવિષયક પ્રદર્શનો યોજ્યાં અને ખેતીનાં ઓજારો પૂરાં પાડ્યાં. તેમણે રેશમનો ઉદ્યોગ શીખવા અમરસિંહ ચૌધરી નામના આદિવાસી યુવાનને બુરહાનપુર મોકલ્યા. બે વર્ષની તાલીમ બાદ ૧૯૦૫માં અમરસિંહ પાછા ફરતાં સયાજીરાવે સોનગઢમાં રેશમનો ઉદ્યોગ શરૂ કરીને કિસનસિંહ અને દેવજી ભગતસિંહ જેવા આદિવાસીઓને તાલીમ આપી.

સયાજીરાવ ખૂબ પ્રૅક્ટિકલ માણસ હતા. જે જમાનામાં દુર્ગારામ મહેતાજી, નર્મદ, મહીપતરામ રૂપરામ, કવિ દલપતરામ અને ભોળાનાથ સારાભાઈ જેવા પ્રખર સમાજ સુધારકો પણ દલિતો અને આદિવાસીઓ સુધી નહીં પહોંચેલા, તે જમાનામાં આદિવાસી લોકોની સમસ્યાઓને સમજીને તેમના ઉત્થાન માટેની પૉલિસી ઘડવા માટે સયાજીરાવે પ્રેમાનંદ ધોળીદાસ પટેલ નામના એજ્યુકેશનલ ઇન્સ્પેક્ટરને ૧૮૮૯માં નવસારી પ્રાંતના તાલુકાઓ અને ગામડાંઓમાં મોકલ્યા. પ્રેમાનંદ પટેલ સેંકડો આદિવાસીઓને મળ્યા અને તેમનાં રીતરિવાજો, રહેણીકરણી, ખાનપાન, કહેવતો, દારૂતાડી સહિતનાં જન્મ-લગ્ન અને મરણનાં રીતરિવાજો, ઉખાણાંમા અને રમતગમતોની માહિતી પ્રાપ્ત કરી. આદિવાસીઓનાં લોકગીતો ભેગાં કર્યાં. તેને આધારે તેમણે રાજ્ય તરફથી ૧૯૦૧માં 'નવસારી પ્રાંતના કાળીપરજ' નામનો દળદાર અને સમૃદ્ધ ગ્રંથ પ્રકાશિત કર્યો. આદિવાસીઓનો ઇતિહાસ તથા તેમની સોશિયોલૉજિકલ માહિતીની આજે પણ તે ખાણ છે. બ્રિટિશ રેકર્ડ્સમાં તો આદિવાસીઓને 'ગુનેગારોની ટોળી' તરીકે વર્ણવવામાં આવ્યા છે, પણ આદિવાસીઓનાં લોકગીતો તેનાથી તદ્દન ભિન્ન તરી આવે છે. તેમાંથી આદિવાસીઓનાં દર્દો ઉપરાંત તેમનાં 'સેલ્ફ-એસર્શન' પણ પ્રગટ થાય છે. આદિવાસીઓએ તીરકામઠાંઓનો ઉપયોગ કરીને તેમનું શોષણ કરનાર પારસી દારૂતાડીવાળાઓને તથા હિંદુ શરાફો તથા જમીનદારોને ઢીલા પાડ્યા હતા. ઉપર્યુક્ત ગ્રંથમાંથી માત્ર એક લોકગીત રજૂ કરીશું. તે આદિવાસી સમાજની લાઇફ-સાઇકલ (જીવનચક્ર) ઉપર અદ્ભુત પ્રકાશ નાખે છે. 'સરસ્વતીચંદ્ર' નવલકથાનો ચોથો ભાગ ૧૯૦૧માં પ્રસિદ્ધ થયો હતો અને 'નવસારી પ્રાંતની કાળીપરજ' ગ્રંથ પણ એ જ સાલમાં પ્રસિદ્ધ થયો હતો. બંને ગ્રંથોની વિભાવના ઘણી ભિન્ન છે. એ તો સારું થયું કે એક સમયનાં ગરીબ બાળખેડૂતોમાં પ્રેમાનંદ પટેલને ફિલ્ડ-વર્ક માટે મોકલ્યા હતા. આદિવાસીઓની દારુણ લાઇફ-સાઇકલ :

"ઝાડ વગરની ડુંગરી કેવી ?
ચીમડી (ઢોરને ખાવા માટેનો છોડ) ઊગે તેવી.
તે ચીમડી પણ કેવી છે? ગાય ખાય તેવી.
તે ગાય પણ કેવી છે? દૂધ આપે તેવી.
તે દૂધ પણ કેવું છે? દહીં થાય તેવું છે.
તે દહીં પણ કેવું છે? છાશ થાય તેવું છે.
તે છાશ પણ કેવી છે? માખણ થાય તેવી છે.
તે માખણ પણ કેવું છે? ઘી તાવે તેવું છે.
તે ઘી પણ કેવું છે? વાણિયો લઈ જાય તેવું છે.
તે વાણિયો પણ કેવો છે? પૈસા આપે એવો છે.
તે પૈસા પણ કેવા છે? સોની લે તેવા છે.
તે સોની પણ કેવો છે? કાનની વાળી ઘડે તેવો છે.
તે વાળી પણ કેવી છે! જુવાનડી પહેરે તેવી છે.
તે જુવાનડી કેવી છે? તે છોકરાં થાય તેવી છે.
તે છોકરાં પણ કેવા છે? બાપ કહે તેવા છે.
તે બાપ પણ કેવો છે? કમાણી કરે તેવો છે.
તે કમાણી પણ કેવી છે? વાણીમાં લઈ જાય તેવી છે.

આ એક સીધુંસાદું લોકગીત તે સમયના આદિવાસી તથા બાહ્યસમાજ વચ્ચેના આંતરસંબંધો ઉપર વેધક પ્રકાશ નાંખે છે.

છેવટે માત્ર એટલું જ ઉમેરવાનું રહે છે કે મહારાજા સયાજીરાવ ગાયકવાડ એક એવા દૃષ્ટા હતા જેમણે સમાજપરિવર્તન અને આર્થિક વિકાસના સિદ્ધાંતો અને આદર્શોને તેમની પોતાની રીતે તથા તેમની પોતાની મર્યાદામાં રહીને ચરિતાર્થ કરી બતાવ્યા હતા. તેમના જન્મને પોણા બસો વર્ષ થઈ ગયાં છે અને મૃત્યુને પણ એંશી વર્ષ થયાં છે. તેઓ આજની પબ્લિક મૅમરીમાંથી તદ્દન વિસ્મૃત થઈ ગયા છે. આમ છતાં તેમને યાદ કરવા જેવા છે. તેમનામાંથી જે કાંઈક તો પામી શકાય તેવી આ વાત છે. એક પ્રસંગે તેણે કહ્યું હતું :

"There is nothing I love so much as a good fight !"

## આપણો જનમોજનમનો સંગ/હસમુખ પટેલ

**ભગતસાહેબ** સાથેના મારા જીવનના પ્રસંગો યાદ કરી ધન્યતા અનુભવું છું. એમાંથી હું શીખ્યો છું કે, મહાનતાનું ગૌરવ નમ્રતાની અભિવ્યક્તિમાં કેટલું મહાનતમ હોય છે.

એલ.એ.શાહ લૉ-આર્ટ્સ કૉલેજમાં નવા જુનિયર અધ્યાપક તરીકે દાખલ થયેલા એ કૉલેજનું અધ્યાપક-રતન ભગતસાહેબ. પરીક્ષાના સમયે બધા અધ્યાપકને સુપરવિઝનની કામગીરી સોંપાય, તેમ મને સોંપાયેલી. મારા આશ્ચર્ય વચ્ચે મારા સુપરવિઝનખંડમાં ભગતસાહેબ પણ હતા! એક તીક્ષ્ણ નજરયુક્ત નિરીક્ષકની કામગીરી બજાવતા હતા. મેં તેમને વિનંતી કરી સમગ્ર કામગીરી સંભાળવા તૈયારી બતાવી. જવાબમાં નિર્ણયાત્મક ઇન્કાર.

પરીક્ષાકાર્ય પૂરું કરી (કે અધૂરું મૂકી એક વિદ્યાર્થી ઉત્તરવહી ટેબલ પર નાખી ક્લાસ બહાર જતા હતા. ભગતસાહેબે લગભગ ઝાપટ મારી એને ઊભો રાખી કહ્યું : આ રીતે ટેબલ પર નાંખી ન જવાય. સાહેબને હાથમાં આપવી પડે.' ઊઘડો લીધા પછી ઉત્તરવહી ટેબલ પર વ્યવસ્થિત મૂકાવી, પછી જ જવા દીધો.

બીજો પ્રસંગ એક બસની મુસાફરીનો છે. અ.મ્યુ.ટ્રા.સ.ની બસમાં મુસાફરી વખતે ભગતસાહેબની પાછળ હું તેમની જેમ ઊભો હતો. એક ભાઈ પાછળથી ધક્કો મારી આગળ જવાની કોશિશ કરતા હતા. ભગત સાહેબની શિસ્તથી આ કેમ સાંખ્યું જાય? એમણે એને રોકી ચાલુ બસે શિસ્તના પાઠ ભણાવવાનું શરૂ કર્યા. પેલો ઠોઠ વિદ્યાર્થી પોતાનું ઊતરવાનું સ્ટૅન્ડ આવે તેની આતુરતાપૂર્વક રાહ જોતો હતો. એના સ્ટૅન્ડ પર બસ ઊભી રહે, તે પહેલાં સાહેબને હાથ જોડી ઊતરવા માટે વિનંતી કરતો.કરતો માંડ છૂટ્યો. અધ્યાપકનો જીવ, વિદ્યાર્થી ગમે ત્યાં મળે, જ્ઞાન પીરસે જ પીરસે.

★

ત્રીજો પ્રસંગ અત્યંત રમૂજી છતાં રસપ્રદ. ભગતસાહેબના સ્વભાવને ભરપૂર પ્રકટ કરે તેવો.

એક જમાનામાં કૃષ્ણ સિનેમાની બાજુમાં ચેતના રેસ્ટોરન્ટ હતી. ચેતનાના ઢોંસા પ્રખ્યાત. એવી જ ઢોંસાની પ્રખ્યાત ભદ્રના કોર્ટ વિસ્તારમાં સાઉથ ઇન્ડિયન રેસ્ટોરન્ટ.

એ દિવસે ભગતસાહેબ કોઈ મિત્ર સાથે ઢોંસાની લિજ્જત માણવા આવ્યા હશે. મિત્ર સામે નિરાંતે વાત થઈ શકે, માટે ફૅમિલીરૂમમાં દાખલ થવા જતા હતા, ત્યારે વેઇટરે તેમને રોકી કહ્યું : સાહેબ, આ ફૅમિલીરૂમ છે. પછી તો ભગદસાહેબ ઝાલ્યા ન રહ્યા. તેમણે What is Family-નો અર્થ સમજાવવા માંડ્યા. Two Friend's Can't make Family? જેવા (ચોક્કસ અંગ્રેજી શબ્દોની ભૂલ મારી છે.) પ્રશ્નાર્થ કરી વેઇટરને 'ફૅમિલી'ની વ્યાખ્યાની છણાવટ શરૂ કરવી. વેઇટર મૂંઝાયેલો હતો. ગલ્લા પર બેઠેલી વ્યક્તિને આ વક્તવ્યની ઝાંખી થઈ હશે એટલે દોડતો આવ્યો. વેઇટરને આઘો કરી સાહેબને માનભેર ફૅમિલીરૂમમાં બેસાડ્યા. એ વ્યક્તિને ફૅમિલીની વ્યાખ્યાની ખબર હશે કે નહીં, તેની મને ખબર નથી, પણ મને મોડે મોડે પણ એ વ્યાખ્યા સમજાવેલી! આવા સરળહૃદયી ભગતસાહેબને વંદન. એમની પંક્તિ યાદ કરું : આપણો ઘડીક સંગ…' ના, ભગતસાહેબ 'ઘડીક' સંગ નહીં. જો હોય તો, જનમોજનમનો સંગ. કમસે કમ જીવતે જીવ તો નહીં જ ભુલાય.

## વાહ કવિ…! ધરાર આમ…

**યૉસેફ મેકવાન**

'હું તો બસ ફરવા આવ્યો છું!
હું ક્યાં એકે કામ તમારું…'
વાહ કવિ!
ધરાર આમ અવળું જ…
તમે ભાષા કેવી ખીલવી,
આવનારી પેઢીએ એ જ તો રહી ઝીલવી!
લોકદર્શન પળેપળનું એમાં રહ્યું ફોરી
નગરજીવન દીધું આખું ઝકઝોરી!
વળી પેલા નિરાકારનાંય કેવાં
ચિતરામણ દીધાં કરી!
એમ વળી 'ગાયત્રી'નો યુગબોધ દીધો ધરી!
સ્વર્ગ કરતાંય પૃથ્વીને ચાહી
શબ્દે-શબ્દે એની ઋતુઓ મહેકાવી!
'પ્રવાલદ્વીપ'માં ભર્યો નર્યો આધુનિક જીવનમર્મ.
ટાગોરનોય ઘૂંટ્યો મધુરસ, બસ,
શબ્દોને ટેરવે સાચવ્યા કર્યો માનવધર્મ!
… ફરવાને બહાને
તમે છંદનાં ને લયનાં ધરી દીધાં દર્પણ
સહુને કરાવ્યું એમાં જીવનદર્શન!
છેલ્લે-છેલ્લે સાધ્યો-ખીલવ્યો વનવેલ છંદ
કર્યા એમાં સંવાદો મૃત્યુનીનીયે સંગ!
એક થયા'તો સદીઓ પહેલાં નરસિંહ ભગત
એ જ આધુનિક રૂપે
ભાષામાં શું પ્રગટ્યા પાછા નવીન રૂપે
તમે હે નિરંજન ભગત!
શીખવી ગયા કાવ્યવાણી
ભાષા ગુજરાતીની વહ્યા કરશે.
ખળ… ખળ… સરવાણી…

૯ માર્ચ, ૨૦૧૮

# મળવા જેવો માણસ ઉજમશી પરમાર/સુરેશ ચૌહાણ

**ઉજમશી** પરમારને પહેલવહેલું મળવાનું થયું. ગુજરાત સાહિત્ય પરિષદના સુરતના જ્ઞાનસત્રમાં, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના પ્રાંગણમાં, ૨૦૧૨ની ૨૨મી ડિસેમ્બરની હૂંફાળી સવારે ચાની ચૂસકી લેતા ઉમળકાભેર વાતો થઈ. પોતે વાર્તાકાર, કવિ કે ચિત્રકાર હોવાનો સહેજ પણ ભાર નહીં. એક સીધાસાદા માણસ તરીકે દરેક સાથે હળીમળી જતા.

૨૦૧૩ના આણંદના અધિવેશનમાં તે પોતે પરિષદની મધ્યસ્થ સમિતિમાં સભ્ય હોવા છતાં આગલી હરોળમાં બેસવાને બદલે મારી બાજુમાં આવીને બેસી ગયા. અધિવેશનની બધી બેઠકો સાથે માણી અને સાથે જમ્યા પણ.

ઉજમશી પરમાર આમ તો ઈશ્વરલાલ પરમારના. જીવરાજપાર્ક રહેતા ત્યારે બંને શાખપાડોશી. એટલે ઈશ્વરલાલના કારણે ઘરોબો વધ્યો. તેઓ ફરવાના ભારે શોખીન.

સવારે સાડા સાતે ફોન કરે, 'સુરેશભાઈ, ઈશ્વરલાલ અને મિત્રોને લઈને ગાંધીગ્રામ સ્ટેશને આવો, નવની ગાડીમાં બૂટભવાની જવું છે.' અમે બધાં નવની ગાડીમાં ઉજમશીને જ સાંભળતા. તેમની વાતો ખૂટે નહીં. બૂટભવાની દર્શન, ભોજન પ્રસાદ લઈ છકડામાં ગણપતપુરા દર્શન પ્રસાદને ન્યાય આપી રેલગાડીના પાટે પાટે પદયાત્રા કરી. કોઠ-ગાંગડના રેલવે સ્ટેશન પહોંચીએ, ત્યારે ગાડી આવવાને એકાદ કલાકની વાર હોય, સ્ટેશનના બાંકડા પર જમાવીએ. ઉજમશી પોતાના મોબાઇલમાંનાં ૩૦૦ ઉપરાંત જૂના ફિલ્મીગીતોનો પટારો ખોલે એક પછી એક ગીતો વગાડે અને તે ગીતની સાથે જોડાયેલી દુર્લભ વાતો પણ કહે. પોતે સારુ ગાતા પણ ખરા. ગાડી ગાંધીગ્રામ પરત પહોંચે ત્યારે સાંજે સાત વાગ્યા હોય. નહેરુબ્રિજના આશ્રમરોડ સર્કલથી છૂટા પડીએ. આમ વર્ષે ત્રણચાર વાર સસ્તા ભાડાની જાત્રા કરતા. એકવારતો ગાડીને પાટે ચાલતા ઉજમશીના ચંપલની પટ્ટી તૂટી ગઈ, તો બાવળની શૂળથી કામચલાવી ઘર સુધી પહોંચ્યા હતા.

૨૦૧૪માં ઇન્દોરના જ્ઞાનસત્રમાં જતા શાંતિ ઍક્સપ્રેસમાં તેઓ અમારી સાથે જ હતા. 'રાત્રિ જગો' કરી તેમનાં 'જન્મારો'ની કથા કરી હતી. પોતાની આ આત્મકથામાં શું રાખ્યું અને શું છોડી દીધું, તેની નિખાલસ વાતો કરી હતી. જ્ઞાનસત્રમાં 'જન્મારો'ને આદર અપાયો હતો. મુંબઈની 'કલાગુર્જરી' સંસ્થાએ 'જન્મારો'ને બીજા નંબરે પોંખી હતી. જ્ઞાનસત્ર બાદ અમે બધા માંડુ, મહેશ્વર, ઓમ્‌કારેશ્વર પૂરા બે દિવસ ફર્યા. 'છાલક'ના જાન્યુઆરી, ૨૦૧૬ના અંકમાં તેમણે 'નોખી મૂરત નોખી નજર' શીર્ષકથી લેખ લખ્યો હતો, જેમાં માંડુના પ્રવાસનો ઉલ્લેખ કર્યો હતો.

એક વાર તેમનાં પત્ની શારદાબહેને સાડી છપાવવા શહેરમાં જવાનું કહ્યું, તો એક જૂના સ્લીપરનો તળિયાને વ્યવસ્થિત કાપી બ્લેડ વડે કોતરી અદ્ભુત ડિઝાઇન બનાવી અને સ્ટૅમ્પપેડથી આખી સાડી છાપી, જેના પર શારદાબહેને ભરતકામ કર્યું અને બહુ પ્રસંશા થઈ. તેમના ઘરમાં તકિયા, ઓશિકાનાં કવર પર પેચવર્કનાં કવર જોવા મળે, રંગીન કાપડના ટુકડાથી આબેહૂબ પેચવર્કથી ડિઝાઇન કર્યું હોય. તેમની કલાસૂઝ અદ્ભુત હતી. પરિષદ કે વિશ્વકોશટ્રસ્ટમાં અવારનવાર મળવાનું થાય. એકવાર પરિષદનો કાર્યક્રમ પૂરો થાય બાદ ચા પીતાં અંબાજી જવાનું નક્કી કર્યું. બે દિવસ બાદ બે દિવસ માટે અંબાજીમાં ફરતાં ફરતાં દશરથભાઈ ચૌધરી વનવાસી છાત્રાલય જોવા લઈ ગયા. છાત્રાલયમાં ક્યાંય પુસ્તકો નજરે ન ચડ્યાં એટલે તેમણે છાત્રાલયના ગૃહપતિને ઑફર કરી, તમે એક કબાટ વસાવો, તો પુસ્તકો મોકલાવીશ. આ બાળકોને વેસ્ટમાંથી બેસ્ટ બનાવતાં હું શિખવાડીશ. તેમની નજર સતત નિરીક્ષણ કરતી, ક્યાં શું ખૂટે છે અને કોને શું જરૂર છે. ડાંગ જિલ્લામાં બે દિવસ વનયાત્રા પણ કરી. મિત્રના મિત્રને કે સફરમાં કોઈ યાત્રીને પોતાનાં બનાવતા તેમને સહેજેય વાર ન લાગતી. પોતાની પાસેની કલાની આવડતને વહેંચવા માટે તેમણે 'સદ્ભાવનાપર્વ'ના પૂ. મોરારિબાપુ સમક્ષ ખુલ્લી ઑફર મૂકી હતી. 'અસ્મિતાપર્વ' અને 'સદ્ભાવનાપર્વ'નાં તેમને નિયમિત આમંત્રણ મળતાં અને હાજર પણ રહેતા.

૨૦૧૫ની ભુજના અધિવેશનમાં તેમણે અમને ઘણા કચ્છના લેખકોનો પરિચય કરાવ્યો. મેકણદાદાની જગ્યા અને માંડવી શ્યામજી કૃષ્ણવર્માના સ્મારકની મુલાકાત લીધી.

૧૬ નવેમ્બર, ૨૦૧૬ કારતક વદ એકમ—દ્વારકા. પોરબંદર, પ્રવાસ ગોઠવાયો. દ્વારકા પહોંચતાં સુધીના ૧૬ કલાકના લોકલ ગાડીના પ્રવાસમાં તેમનાં સર્જનોની કવિતાની તેમના જીવનની ખાટીમીઠી યાદોને વાગોળી અંતકડી રમવામાં તેઓ એકલા અમને છ જણને હંફાવે. અને પાછા તેઓ તો પૂરાં ગીત ગાય. દ્વારકામાં દ્વારકાધીશના દર્શન બાદ ગ્રૂપ ફોટો પડાવ્યો અને સાતેય મિત્રોએ એકએક કૉપી કઢાવી સંભારણારૂપે રાખી. સાંજે બાળસાહિત્યકાર ડૉ. ઈશ્વર પરમારની મુલાકાત કરી. એકાદ કલાકની તેમની સાથેની ગોષ્ઠિ એ અમારી આ યાત્રાનું સૌથી મોટું પુણ્ય હતું. પોરબંદર કીર્તિમંદિર અને સાંદીપનિની મુલાકાત લઈ રાત્રે પોરબંદરથી સૌરાષ્ટ્ર મેલમાં પરત થવાનું હતું. તેમની પાસે ઓળખપત્ર ન હતું. એટલે તેમણે સિનિયર સિટિઝનનું કન્સેશન ન લીધું. પૂરી ટિકિટ લીધી. તેમની ટૂંકી વાર્તાઓ પર રાજકોટની એક વિદ્યાર્થિનીએ નીતિન વડગામની રાહબરી હેઠળ એમ.ફીલ. કર્યું છે. તેમની કવિતા વાર્તા દર માસે કોઈ ને કોઈ ગુજરાતી સામયિકમાં વાંચવા મળે.

ઑગસ્ટનું પાછલું પખવાડિયું અને પવિત્ર શ્રાવણના છેલ્લા અઠવાડિયે એક ગરોળી તેમના પરિવારમાં કાળ બનીને આવી અને બન્યું એવું કે તેમનો પુત્ર હિતેશ, પુત્રવધૂ, પ્રોફસર પૌત્રી, પંદર વર્ષનો પૌત્ર પોળોના જંગલ જોઈ પાછાં ફરતાં હતાં. હિતેશ કારડ્રાઇવ કરતો હતો. અચાનક તેના હાથ પર ગરોળી પડી. હિતેશે હાથને ઝાટકો માર્યો. ગરોળી બાજુમાં બેઠેલી તેની પુત્રીના ખોળામાં પડતાં તે ચીસ પાડી ઊઠી. હિતેશે સ્ટીયરિંગ પર કાબૂ ગુમાવતાં કાર ઝાડ સાથે ટકરાઈ. પિતા, પુત્રી, પુત્ર ત્રણેય જખ્મી થયા પુત્રી કૉમામાં, હિતેશને ફૅક્ચર, નાના પુત્રને ગળાના ભાગે ઈજા થઈ, ત્રણેય અમદાવાદની અલગ અલગ હૉસ્પિટલમાં સારવાર હેઠળ હતાં.

૨૨મી ઑગસ્ટે હિતેશને ઑપરેશન બાદ રજા મળી અને કૉમામાં રહેલી પુત્રી મૃણાલિનીનો જીવનદીપ બુઝાઈ ગયો. અને સાંજે ઉજમશીને તેના વાર્તાસંગ્રહ 'હારોહાર' માટેનું અકાદમીનું પારિતોષિક માટે આમંત્રણ હતું. વિધિ વક્ર બની હતી. ઉજમશી ભાંગી પડ્યા હતા. ૨૪મી ઑગસ્ટે બેસણામાં એકાદ માસ પહેલાં જ સગાઈ કરેલ મૃણાલિનીનો શણગાર-સજ્યો ફોટો હતો. બાજુમાં હિતેશ પાટાપિંડી સાથે પલંગ પર સૂતો હતો અને ઉજમશી ધ્રૂસકે ચઢ્યા હતા. ઘણાં સાહિત્યકારો, મિત્રો, સગાંઓ સાંત્વના આપવા આવ્યાં હતાં.

સમય જતાં, વાસ્તવિકતાને સ્વીકારી લઈ ઘરની બહાર નીકળી પરિષદ, વિશ્વકોશમાં આવવા લાગ્યા અને સિકંદરાબાદનું રિઝર્વેશન કરાવવાનું કહ્યું. ૧૨મી સપ્ટેમ્બરે અમારું રિઝર્વેશન થઈ ગયું. ૨૧મી ડિસેમ્બરના રોજ સિકંદરાબાદ અધિવેશનમાં જવાનું. ૨૬મી નવેમ્બરે દિલીપ રાણપુરાના જન્મદિનના કાર્યક્રમમાં પોતે બીમાર હોવાથી નહીં આવે તેમ જણાવ્યું. અમે કાર્યક્રમ પત્યા બાદ તેમના ઘરે ગયા. ડૉક્ટરે કમળાનું નિદાન કર્યું હતું. એકાદ કલાક વાતો કરી. તેઓ અધિવેશનમાં તો આવશે જ એવું કહ્યું.

૯મી ડિસેમ્બરે સવારે તેમની ટિકિટ કૅન્સલ કરાવવાનો ફોન આવ્યો. હું મિત્ર દશરથને લઈને ટિકિટ કૅન્સલ કરાવવા ગયો અને અમે બંને ત્યાંથી સીધા તેમને ઘેર ગયા. થોડાક હતાશ લાગતા હતા. મૃણાલિની જ વાતો કરતા કહ્યું કે પાંચ ડિસેમ્બર તો લગ્ન રાખ્યાં હતાં પણ...! શારદાબહેને આ બધું ભૂલવા વીનવ્યા. થોડોક સમય અમે મોબાઈલમાંથી જૂનાં ગીતો સાંભળ્યાં તે આનંદમાં આવી ગયા. એકાદ કલાક બાદ અમે વિદાય લીધી. તેમણે અમને પ્રવાસની શુભેચ્છા પાઠવી.

શ્રી શૈલેષ મલ્લિકાર્જુનથી તેમને ફોન કરતાં શારદાબહેને વડોદરા હોવાનું જણાવ્યું. પછી તો ત્યાં દવાખાનામાં દાખલ હોવાના પણ સમાચાર મળ્યા.

૮મી જાન્યુઆરીએ ફોન કર્યો. તેમની દીકરી સાથે વાત થયા મુજબ તેમને સ્વાદુપિંડનું કેન્સર હોવાથી અમદાવાદની કૅન્સર હૉસ્પિટલમાં ત્રણેક દિવસથી છે. અત્યારે વૅન્ટિલેટર પર છે. સાડા દશે ઈશ્વરલાલ પર ફોન આવ્યાં ઉજમશી મિત્રોને મળવા માગે છે. સભાન અવસ્થામાં છે. મિત્રોને ફોન કરી સાંજે ચાર વાગે હૉસ્પિટલ જવાનું નક્કી કર્યું. ત્રણ વાગે તેમના મોટાભાઈનો ફોન આવ્યો. રજા આપી છે. ઘેર આવજો, અમે રિક્ષા કરીને સમરથનગર પહોંચ્યા. અમારા પહેલા તો યમરાજ પહોંચી ગયા હતા. તેમના ભાઈના જણાવ્યા મુજબ ઘરે લાવ્યા. ત્યારે ભાનમાં હતા, તેમની આંખો સતત ફરતી હતી. એકાએક થોડા સમયમાં આંખો મીંચાઈ ગઈ.

ભદ્રેશ્વર સ્મશાનગૃહે હરિકૃષ્ણપાઠક સહિત ઘણા કવિલેખકો હતા.

હરિકૃષ્ણ પાઠકે 'કુમાર'માં અને પ્રકાશ ન. શાહે 'પરબ'માં ઉદ્દાત શબ્દાંજલિ આપી છે. તે વાંચી ગદ્ગદ્ થઈ જવાય છે. અજય પાઠકે 'નિરીક્ષક'માં પણ ટૂંકું શબ્દચિત્ર રજૂ કરી અંજલિ આપી છે.

હું લખવામાં મોડો પડ્યો એમ લાગે. પણ મારે ઉજમશીને માણસ તરીકે મૂલવવા હતા અને અન્ય લેખકોની શબ્દાંજલિ આવે ત્યાર બાદ પુનરાવર્તન ન થાય તે સારુ અત્યારે લખ્યું છે.

૬-૩-૨૦૧૮ નવા વાડજ, અમદાવાદ

## અભિનયથી ઉત્કૃષ્ટ આરાધિકાને અંજલિ / મેહુલ ત્રિવેદી

**ગત** ૨૫મી ફેબ્રુઆરી, રવિવારનો રવિ રોજ કરતાં જુદા અચાનક આશ્ચર્યની ચમક અને ભડક સાથે ઊગ્યો, સક્ષમ અને સુવિખ્યાત ફિલ્મ-અભિનેત્રી શ્રીદેવીબહેનના શનિવાર, તા. ૨૪મી ફેબ્રુઆરીએ મધરાતે કાર્ડિયાક અરેસ્ટથી દુબઈમાં ૫૪ વર્ષની વયે અવસાન થયાના સમાચાર દેશભરની ન્યૂઝચૅનલો અને મોબાઈલ વૉટ્સએપમાં વહેતા થયા. 'શ્રીદેવીબહેન' એવું આદરપૂર્વક બહુવચન એટલા માટે વાપરું છું કે તે મારા કરતાં એક વર્ષ અને બે મહિના મોટાં હતાં. અભિનય-શક્તિની સ્વાનુભવબળે સમૃદ્ધિને જોતાં તે અનેક સમવયસ્ક અભિનેતાઓ-અભિનેત્રીઓ કરતાં પણ મોટાં હતાં.

લિટલસ્ટારથી સુપરસ્ટાર સુધી ફિલ્મે-ફિલ્મે વૈવિધ્યસભર ભૂમિકાને કારણે એમની ગતિનો આલેખ સતત પ્રગતિ તરફનો રહ્યો. ૧૯૬૩માં ૧૩મી ઑગસ્ટે તમિલનાડુના શિવાકાશીમાં જન્મેલાં શ્રીદેવીબહેનનું અસલ નામ શ્રીયમ્મા યંગર અયપ્પા હતું. ચાર વર્ષની ઉંમરે બાળકલાકાર તરીકે જે ફિલ્મમાં કામ કર્યું. તે અંગે જુદી-જુદી હકીકતો બહાર આવી છે. ક્યાંય બાળકલાકાર તરીકે એમની તમિળ ફિલ્મ જયલલિતા સાથે ભગવાન મુરુગનની ભૂમિકાવાળી 'થુનાઈવન' પ્રથમ ફિલ્મ હોવાનો ઉલ્લેખ છે, તો ક્યાંક તમિળ ફિલ્મ 'કંધન કરુણઈ' એમની પ્રથમ ફિલ્મ હોવાનો તો ક્યાંય વળી 'થિરુમુગમ્' ફિલ્મથી બાળકલાકાર તરીકે કારકિર્દી શરૂ કર્યાનો ઉલ્લેખ છે, એ તો જે હોય તે શ્રીદેવીબહેનને ચાર વર્ષની વહેલી વયે બાળકલાકાર તરીકે કામ કરવાના પ્રથમ પ્રયાસમાં જ ફિલ્મના નિષ્ણાતોને ભવિષ્યમાં એક પ્રતિભાવન કાબેલ અભિનેત્રી તરીકે આગળ આવવાના સંકેતો જણાયા હતા. પ્રથમ ફિલ્મમાં જ સેટ પર કૅમેરા સામે આવીને ડરીને માતાના પાલવમાં સંતાઈ જતી આ બાલિકાને માતા તરફથી ડર્યા વિના હિંમત રાખીને દિગ્દર્શક જે સમજાવે, તે ધ્યાનથી સમજીને તે પ્રમાણે કામ કરવાની પ્રેરણા અને પ્રોત્સાહન પ્રાપ્ત થાય છે. પછી તો તે હિંમતપૂર્વક દિગ્દર્શકના કહ્યા પ્રમાણે બધું જ કરીને આખાયે શૂટિંગમાંથી હેમખેર પાર ઊતરે છે. જયલલિતા સાથેની આ ફિલ્મ ઉપરાંત બાળ-કલાકાર તરીકે એમની સાથે પછી બે તમિલ ફિલ્મો આવી. સ્કૂલમાં ભણવામાં તેજસ્વી હોવા છતાંય આગળ ભણવાની સાથે ફિલ્મોમાં કામ શક્ય ન બનવાથી ફિલ્મ-અભિનયને જ સ્કૂલ તરીકે સ્વીકારીને અભિનયસાધના આગળ ધપાવે છે. ૧૧ વર્ષની ઉંમરે તમિળ ફિલ્મ 'અનુરાગલુ'માં શ્રીદેવીબહેન અંધબાલિકાની ભૂમિકા અદા કરે છે. પછી તો તે તમિળ ઉપરાંત દક્ષિણ ભારતની તેલુગુ, મલયાલમ અને કન્નડ ભાષાની ફિલ્મોમાં અનેક નામાંકિત કલાકારો, જે પોતાનાથીયે ઉંમરમાં ઘણા મોટા હતા એવા એન.ટી.રામારાવ, એમ.જી.આર. નાગેશ્વરરાવ, શિવાજી ગણેશન્ સાથે હિરોઇન તરીકે કામ કરીને તેઓના ફિલ્મ-અભિનયના બહોળા અનુભવનો ભરપૂર લાભ પામે છે.

સમાંતરે બાળકલાકાર તરીકે બાર વર્ષની ઉંમરે દક્ષિણ ભારતની ફિલ્મ-અભિનેત્રી લક્ષ્મી સાથે હિન્દી ફિલ્મ 'જૂલી'માં ભૂમિકા અદા કરે છે. તે પછી ૧૯૭૮માં હિરોઇન તરીકેની પ્રથમ ફિલ્મ 'સોલહવા સાવન' નિષ્ફળ જવા છતાંય જરાય હિંમત હાર્યા વિના ૧૯૮૩માં પોતાનાથી ઘણી મોટી ઉંમરના ફિલ્મ-અભિનેતા જિતેન્દ્ર સાથે ફિલ્મ 'હિંમતવાલા'માં ભૂમિકા અદા કરતાની સાથે જ આ ફિલ્મને બેહદ સફળતા મળતા આખાયે બોલિવૂડમાં તે છવાઈ જાય છે. પોતાનાથી વયસ્ક અન્ય નામાંકિત અભિનેતાઓ રિશી કપૂર, વિનોદખન્ના, અમિભાત બચ્ચન સાથે ફિલ્મ 'ચાંદની', 'ખુદાગવાહ' અને પછી તો અનેક ફિલ્મોમાં કામ કરતાં કરતાં એની અભિનયકલાની કીમિયાગરીનો કસબ તે કક્ષા પહોંચ્યો કે ઉત્કૃષ્ટ કે નિકૃષ્ટ, ગંભીર કે હળવી કોઈ પણ પ્રકારની ભૂમિકા એના માટે સહજ Natural થઈ પડી. શૂટિંગ માટે સેટ પર પહોંચ્યા પછી કૅમેરાની લાઇટ્સ ઑન થતાંની સાથે જ શ્રીદેવીબહેનનો પોતાને મળેલ ભૂમિકામાં સહજ રીતે પ્રવેશ થઈ જતો. આ સંદર્ભે યશ ચોપરા શ્રીદેવીબહેનને એટલે જ and quot: A switch on and a switch off actress કહેતા હતા.

કારણ કે જ્યારે એમને દૃશ્ય બતાવાય કે સમજાવાય ત્યારે તે શાંત રહેતાં જ્યારે ઍક્શન બોલવામાં આવે, તે સાથે જ જુદાં શ્રીદેવીબહેન દેખાતાં.

Perfectionનો દૃઢાગ્રહ અને કામ પ્રત્યેનો નિષ્ઠાભર્યો સમર્પણભાવ - Dedication શ્રીદેવીબહેનના કલાકાર તરીકેના વ્યક્તિત્વનાં વિલક્ષણ પાસાં હતાં. નૃત્યની પ્રસ્તુતિ ફિલ્મનો એક ભાગ હોય કે ફિલ્મ સિવાયનો. અનેક દિવસો સુધી તે લાંબો સમય ફાળવીને નૃત્યનો રિયાઝ કરતાં અને આખીયે ટીમને કરાવતાં. આ રીતે વર્ષોથી સતત ઘૂંટાતા જતા રિયાઝને કારણે તે સારાં નૃત્યાંગના તરીકે પણ ઊભરી આવ્યાં.

ગમે તેવી શારીરિક કે માનસિક સ્થિતિ હોય કે અંગત જીવનમાં અચાનક આવી પડતાં દુઃખો હોય, જરાય વિચલિત થયા વિના તે સ્વસ્થ રીતે દરેક ભૂમિકા અદા કરી શકતાં અને એને પૂરો ન્યાય આપતાં. ૧૦૩ ડિગ્રી તાવ હોવા છતાંય એનાથી સદંતર બેપરવા રહીને એમણે 'ચાલબાઝ' ફિલ્મના એક ગીતનું શૂટિંગ ચાલુ રાખ્યું. 'લમ્હેં'ના શૂટિંગ દરમિયાન પિતાશ્રીના અવસાનના સમાચાર મળતાં જ તે આઘાત જીરવીને લંડનથી ચાલુ શૂટિંગ અટકાવીને ભારત આવ્યાં અને પિતાશ્રીની અંતિમવિધિ પતાવીને તરત લંડન પાછા ફર્યાં પછી શૂટિંગનો દોર આગળ ચલાવ્યો.

આ ઘટના સૂચવે છે કે તે કુટુંબભાવનાને ખરા અર્થમાં જીવતાં લાગણીશીલ અભિનેત્રી હતાં. એટલે જ બોની કપૂર સાથે લગ્ન કર્યાં પછી ફિલ્મ 'જુદાઈ' રિલીઝ થયા પછી બે પુત્રીઓ જાહ્નવી અને ખુશીને જન્મ આપ્યા બાદ તેઓ બંનેનો સારી રીતે ઉછેર કરીને વાસ્તવિક જીવનમાં માતા તરીકેની કર્તવ્યનિષ્ઠા અદા કર્યા પછી, પુત્રી જાહ્નવીને ફિલ્મ- અભિનેત્રી તરીકે કેળવીને આગળ આવવા પ્રોત્સાહિત કરી. ત્યાર બાદ ૨૦૧૨માં શ્રીદેવીબહેન 'ઇંગ્લિશવિંગ્લિશ' ફિલ્મથી ફિલ્મ ક્ષેત્રે પુનરાગમન કરે છે.

વ્યંઢળ જેવા જાતીય નબળાઈ ધરાવતા માણસોને મોટી આર્થિક સહાય પૂરી પાડતાં શ્રીદેવીબહેનની તેઓ પ્રત્યેની અનુકંપાશીલ માનવતા પણ એમના વ્યક્તિત્વના ઝળહળતા પાસાનો પરિચય આપે છે.

આવાં ગુણો કે જીવનમૂલ્યોને કારણે જ શ્રીદેવીબહેને એમની મોટા ભાગની તમિલ, તેલુગુ, મલયાલમ, કન્નડ અને હિન્દી ફિલ્મોમાં ભારતીય સંસ્કૃતિના ગૌરવને ચમકાવતી નારી તરીકેની જ ભૂમિકા પસંદ કરી. આ રીતે એક પગ દક્ષિણ ભારતીય ફિલ્મોના પલ્લામાં તો બીજો પણ ઉત્તર ભારતીય ફિલ્મોના પલ્લામાં ગોઠવીને સમતોલન સાધ્યા બાદ લક્ષ્યવેધક સંઘર્ષ દ્વારા મહિલા સુપરસ્ટાર પદે પહોંચવું એ જ એમની અભિનય-આરાધનાની ઉત્તમ ફલશ્રુતિ છે.

હજી તો ગયા વર્ષે જ એમણે પોતાની અભિનેત્રી તરીકેની કારકિર્દીનાં ૫૦ વર્ષ વીત્યાનો ભવ્ય જશન મનાવ્યો હતો. પુત્રી જાહ્નવીની આવનારી પ્રથમ ફિલ્મ જોવાની હતી. એટલું જ નહીં શ્રીદેવીબહેનની અભિનય-પ્રતિભા આગામી વર્ષોમાં હોલિવૂડની સુવિખ્યાત ઍક્ટ્રેસ મેરલિન સ્ટ્રીપની સમકક્ષ વિકસે એવી સંભાવના હતી પરંતુ બાળકલાકાર તરીકે નિર્દોષ સ્વપ્નિલ આંખોમાં અનેક રંગો સાથે ઉદય પામેલો સૂર્ય અભિનયનાં અજવાળાં પાથરતો પાથરતો સિદ્ધિઓના સ્વર્ણીમ સ્વપ્ન સાકાર કરતો ઉનાળો બેસતાંની સાથે જ અગમ્ય-અગોચર અવકાશમાં અચાનક પોતાના રંગો સંકેલીને અસ્ત પામશે, એવી કોને કલ્પના હતી? 'ઝીરો'તો એમની આવનારી કદાચ અંતિમ ફિલ્મનું નામ છે, પરંતુ અસંખ્ય ઝીરો આગળ એક અને એથી બનતી મોટી સંખ્યામાંના પણ એક અને અદ્વિતીય એવાં શ્રીદેવીબહેનનો પ્રદીપ્ત પ્રતાપ હવે ટી.વી. અને મોબાઇલના રંગીન સ્ક્રીન પર સ્વિચ ઑન કરતાં જ ચિરંજીવ રહેશે.

**સંસ્મરણ**

## નટવર ગાંધી, તેમની દીકરી અને લોકભારતી

**પ્રવીણચંદ્ર ઠક્કર**

**'નિરીક્ષક'** તા.૧૬-૧-૧૮ના અંકમાં વિપુલ કલ્યાણીએ ગુજરાતી સાહિત્યના મર્મજ્ઞ-કવિ અને વોશિંગ્ટન (ડિસ્ટ્રીક્ટ ઑફ કોલંબિયા)ના પૂર્વ ફાઇનાન્સિયલ ઑફિસર નટવર ગાંધીની આત્મકથા 'એક અજાણ્યા ગાંધીની આત્મકથા'નો સુપેરે રસાસ્વાદ કરાવ્યો છે. તેમને અભિનંદન. નટવરભાઈ ટીચાયા-ટીપાયા એટલે જ અર્થસભર પદ્યરચનાઓ (અને હવે પ્રેરણાત્મક આત્મકથા)ની ભેટ આપણને આપતાં રહ્યાં.

*'અહીં આજુ બાજુ જગત વસતું ત્યાં જ વસીએ,*
*વસે છે, જીવે છે જન ગતિ મતિ ભિન્ન રિતીના.'*

ઈશ ઉપનિષદના મંત્રને વાચા આપતી આ રચના હૃદયને કેવી રીતે સ્પર્શી જાય છે. આ કવિની સર્જનયાત્રા વિશે ચર્ચા કરવાની મારી પાત્રતા નથી. અહીં બીજી એક ઘટનાની વાત મારે પ્રસ્તુત કરવી છે. તેમના દીકરી પૂર્વપ્રમુખ બીલ ક્લિન્ટનના કાર્યાલયમાં પ્રવૃત્ત હતા ત્યારે તેઓ લોકભારતી આવેલા. 'દર્શક' સાથે નિરાંતે સાહિત્ય ગોઠડી કરી. સારસ્વતભવનમાં પરિવારજનોને અમેરિકાના સંભારણાં સંભળાવ્યા અને પછી મનુભાઈ પંચોળીને દરખાસ્ત કરી કે ''હું તો નાવલી નદીના કિનારે ઉછર્યો છું. ગ્રામીણ પરિવેશથી જ્ઞાત છું પણ મારી દીકરીને આ પ્રદેશની વિશેષતાઓ, ખાસિયતો, લોકસંસ્કૃતિથી અવગત કરવી છે. તેને ગુજરાતી ભાષાનુંયે ખેડાણ કરવાનું બાકી છે. તેમની દીકરી છ માસ હોંશભેર રોકાઈ. વિવિધ વિભાગો દ્વારા યોજાતા વિસ્તરણ-ફિલ્ડ કાર્યક્રમોમાં ઉત્સાહભેર ભાગીદાર બની. દૂરંદેશી નટવરભાઈએ પોતાના સંતાનને લોકભારતી-બુનિયાદી શિક્ષણ અને ગ્રામીણ વિશ્વની સમજણ કેળવવાનો કેવો ઉપકારક ઉત્તમ ઉપક્રમ યોજ્યો હતો!

શમા, વડોદરા

**અંજલિ**

## રામુ મટવાડકર : અલવિદા

**વિપુલ કલ્યાણી**

**વિલાયતના** ગુજરાતી કવિ-લેખક રામભાઈ એન. પટેલ - 'રામુ મટવાડકર'નું ૧૨ માર્ચ, ૨૦૧૮ના અહીં વેમ્બલી ખાતે ૯૨ વર્ષની વયે અવસાન થયું છે. એમનો જન્મ ૧૮ મે, ૧૯૨૬ના થયો હતો. શેષ પરિવારમાં પત્ની, લક્ષ્મીબહેન, એક પુત્ર, નામે પ્રજ્ઞીલ (મુન્નો) તથા એક પુત્રી, નામે પ્રીતિ છે.

નવસારી જિલ્લાના મટવાડ ગામના મૂળ વતની રામભાઈ પટેલ ગુજરાત યુનિવર્સિટીમાંથી અંગ્રેજી સાથે ૧૯૭૨માં બી.એ. કર્યા પછી, ૧૯૭૩થી લંડનમાં સ્થાયી થયા. તે અગાઉ પૂર્વ આફ્રિકામાં પંદરેક વર્ષ એમણે શિક્ષણકાર્ય કર્યું હતું. કવિતા, વાર્તા, નિબંધ વગેરે ક્ષેત્રે એમણે ખેડાણ કર્યું છે. 'સંવેદના' (૨૦૦૨), 'ધરાથી ગગન સુધી' (૨૦૦૭), 'લાગી તારી પ્રીત સજનવા' (૨૦૧૭) તેમ જ 'ગાંધીજીના વિચારરત્નો' (૨૦૧૭) રામુ મટવાડકરનાં પ્રકાશનો છે.

એક જમાનામાં ગુજરાતી સાહિત્ય અકાદમીના કાર્યવાહક, રામભાઈના અક્ષર ખૂબ જ મરોડદાર, તેથી પરીક્ષાતંત્રનાં કામોમાં આરંભે એમના જ અક્ષરોમાં પ્રશ્નપત્રો બહાર પડેલા.

યુ.કે. E-mail : vipoolkalyani.opinion@btinternet.com

# ‘સ્વાયત્તતા સંઘર્ષ’ અંગે થોડુંક/રાજેન્દ્ર પટેલ

**પ્રિય વાચકમિત્રો,**

આ પત્રનું પ્રયોજન આપને થોડુંક કષ્ટ આપવા માટે છે. નિરીક્ષક(૧૬/૧/૧૮)માં ‘સ્વાયતત્તા સંઘર્ષ’ નામે એક લેખ છપાયેલો છે, જેમાં ઘણાં બધાં તથ્યો યોગ્ય નથી તે માટે આપ સૌનું ધ્યાન દોરવું છે.

૧. **લેખમાં :** “એ વખતના મહામંત્રી અને નારાયણ દેસાઈ જેમને અંગતસચિવ ગણતા હતા,એવા રાજેન્દ્ર પટેલે એ ઠરાવ રજૂ કરેલો.”

**વાસ્તવમાં તથ્ય :** ગુ.સા.અ.ની સ્વાયતત્તા સંદર્ભે ઠરાવ(૨૦૦૭)ની દરખાસ્ત કરનાર અને તેને ટેકો આપનાર અન્ય સભ્યો હતા. ત્યારે હું કોષાધ્યક્ષ હતો, મહામંત્રી નહીં. સામાન્ય રીતે કોઈ પણ ઠારાવ, વહીવટી મંત્રી(મહામંત્રી) આગળ ઉપર કાર્યવાહી કરતા હોય છે. જે સભ્યો ઉપસ્થિત હતા તેમ હું પણ હતો અને તેમાં મારી પણ સંમતિ હતી. આજે પણ તે અંગે મારી પ્રતિબધ્ધતા છે જ.

૨. **લેખમાં :** “ગુ.સા.પરિષદના ઉપપ્રમુખ રાજેન્દ્ર પટેલની તથા બીજા સાહિત્યકારોની કારોબારી/સલાહકાર સભ્ય તરીકે નિમણુંક કરવામાં આવે છે.” **વાસ્તવમાં તથ્ય :** ગુ.સા.અકાદમીએ તેની કાર્યવાહક સમિતિમાં મારી નિયુક્તિ વ્યક્તિગત ધોરણે કરી હતી. પરિષદમાં આ અંગે કોઈ જ પત્રવ્યવહાર થયો નથી. બલ્કે મને મળેલા પત્ર ક્રમાંક/ગસઅ/કાર્યવાહક સમિતિ/૪૩૫/૨૦૧૫ અનુસાર વાત આમ છે “આપના સમગ્ર સાહિત્યિક પ્રદાનને ધ્યાન પર લઈને રાજય સરકાર દ્વારા આપની નિમણુંક ગુ.સા.અકાદમીની કાર્યવાહક સમિતિના સભ્ય તરીકે કરવામાં આવી છે.” તમામ પત્રો મારા નામે અને સરનામે મળ્યાં છે.( જોકે સરકાર સાથે કોઈ સંવાદ આગળ ન વધવાને લીધે મેં તે મુદ્દે તા. ૧૫/૩/૨૦૧૬ના રોજ ઉપર્યુક્ત કાર્યવાહક સમિતિમાંથી રાજીનામું આપ્યું હતું જે નિર્ણયની જાણ ડિસે,૨૦૧૫માં ભુજની કાર્યવાહક સમિતિમાં કરી હતી.)

૩. **લેખમાં :** “ત્યાર બાદ બે હજાર પંદરના મે માસમાં પ્રમુખ ધીરુ પરીખની અધ્યક્ષતામાં નિરંજન ભગતની આગેવાનીમાં ગુ.સા.પરિષદની મધ્યસ્થ મળી,એમાં સર્વાનુમતે અકાદમીની સ્વાયતતા માટે અકાદમીની સામે અસહકાર-આંદોલન કરવાનો ઠરાવ થયો” **વાસ્તવમાં તથ્યઃ** જ્યારે સરકાર તરફથી કોઈ સંવાદ ન સધાયો ત્યારે પ્રમુખશ્રી ધીરુભાઈએ અને ટ્રસ્ટી શ્રી ભગત સાહેબે મધ્યસ્થે આપેલી સત્તાની રૂએ અસહકારના ચાર નિર્ણય લીધા હતા. જેમાં પરિષદના ઘણા સભ્યો સંમત ન હતા.( આશરે ૨૫ પત્રો મળ્યાં.) અંતે ડિસેમ્બર, ૨૦૧૫ના ‘પરબ’માં ફરીથી નિર્ણય જાહેર કરવામાં આવ્યો કે આ નિર્ણય “ આદેશાત્મક નથી બલ્કે કેવળ સૂચનો છે.અને તેના અમલનો અધિકાર દરેક વ્યક્તિના સ્વાતંત્ર્ય પર છોડાયેલો છે”. છતાં મારા સહિત મોટાભાગના પરિષદના સભ્યો સ્વેચ્છાએ ગુ.સા.અકાદમી માટે અસહકારનું પાલન કરતાં આવ્યાં છે.

૪. **લેખમાં :** “તેઓ મધ્યસ્થના ચૂંટાયેલા નહીં પણ નિમાયેલા સભ્ય છે.” **વાસ્તવમાં તથ્ય :** ગુ.સા.પરિષદની મધ્યસ્થ સમિતિનો હું ચૂંટાયેલો સભ્ય જ છું. મને ચૂંટણી અધિકારીએ જ આની જાણ કરી છે. પરિષદ લોકશાહી ઢબે ચાલતી સંસ્થા છે. મધ્યસ્થમાં ચૂંટાયેલી વ્યક્તિ જ આગળ ચૂંટણી લડી શકે છે. જેને પરિણામે અત્યારે હું ગુ.સા.પ.નો ઉપપ્રમુખ છું.આ ચૂંટણી પરિણામના લીધે આ લેખ નહીં હોય તેવી મને શ્રધ્ધા છે.

**અન્ય નિર્દેશવા યોગ્ય તથ્યો :**

**૧.** આ દરમિયાન ગુ.સા.અકાદમી દ્વારા મારા એક કાવ્યસંગ્રહ ‘એક શોધપર્વ’ને ઈનામ જાહેર થયું હતું પણ તેનો મેં સ્વીકાર કર્યો નહતો.

**૨.** ગુ.સા.અકાદમીની સ્વાયતત્તા સંદર્ભે પ્રતિક્રિયાની બે રીત છે. સંઘર્ષની અને સંવાદની. સંવાદિતા મને ગમે છે. ગેરસમજોના ભયે પણ મારી ભૂમિકા હંમેશા સંવાદની,વિધેયાત્મક અભિગમની અને સાહિત્ય ને સમાજ માટે વ્યાપક ભૂમિકાની રહી છે.

૩. કચ્છ ભૂકંપ,સુનામી અને સૂરત પૂરમાં મેં કરેલા કામને ભૂલી જઈએ અને ‘માતૃભાષા વંદનાયાત્રા’માં શિષ્ટ સાહિત્યના ઉત્તમ પુસ્તકોની વિશિષ્ટ વેચાણ વ્યવસ્થાને, ‘વાંચે ગુજરાત’ દરમિયાન ગુજરાતની તમામ જેલોમાં કરેલા પુસ્તકાલયોના સંવર્ધનને, લાખો વિદ્યાર્થીઓએ વાંચેલા લાખો પુસ્તકોનું નિમિત્ત બનવા માટે અને ‘પુસ્તક-પરબ’ દ્વારા આખા ગુજરાતમાં ૫ લાખ પુસ્તકોનું ૧૫૦ જેટલા કેન્દ્રમાંથી વિનામૂલ્ય અને કાયમી ધોરણે અધિકારી વાચકો સુધી પુસ્તકો પહોંચાડવાના ઉપક્રમને, એક પલ્લામાં મૂકું અને બીજા પલ્લામાં ‘સાહિત્યયાત્રા’ અંતર્ગત સમગ્ર ગુજરાતમાં બાવન સ્થળોએ કરેલા સાહિત્ય-પ્રવાસને અને છેલ્લા દશ વર્ષથી પરિષદમાં મેં કરેલી કામગીરીને મૂકું, તો પરિષદનું પલ્લું ભારે રહેશે.

૪. આ બધા કામો માટે મેં સ્વખર્ચે ગુજરાત ભરમાં ત્રણવાર પ્રવાસ કરેલો. જ્યારે ૨૦૦૫માં હું પહેલીવાર પરિષદમાં જોડાયો ત્યારે તે પદ ગ્રહણ કરતા પહેલાં પરિષદમાં મેં બિનશરતી દાન જમા કરાવેલું.

‘નિરીક્ષક’ના વાચકો પ્રત્યે આ કષ્ટ બદલ ક્ષમા પ્રાર્થું છું તથા અપાર આદર વ્યક્ત કરી વિરમું છું . ફરીથી આ રીતે આપની સમક્ષ ન આવવાના મનસુબા સાથે.

***તંત્રી :*** *તથ્યચૂક બદલ અનવધાન સબબ તંત્રી ત્રિવાર ક્ષમાપ્રાર્થી છે. એમાં જેમ દુરસ્તીને તેમ ઝીણાઝીણા ગલીકૂંચીગત વળતા ખુલાસાનેય અવકાશ છે, પણ વાત આગળ નહીં વધારતા તંત્રી વિનમ્રતાથી એટલું અવશ્ય ધ્યાન દોરશે કે આખો ઘટનાક્રમ અંતે તો તથ્યના કથિત જયની જોડાજોડ સત્યના ક્ષયનો છે, કેમ કે ૨૦૦૭ના પરિષદના ખુલ્લા અધિવેશનના ઠરાવને અતિક્રમીને ૨૦૧૫ની સરકારી નિયુક્તિનો સ્વીકાર અને ખાસા મહિનાઓ લગી એને વળગી રહેવાનું વલણ કમનસીબે આખી વાતને સન્મિત્ર રાજેન્દ્ર પટેલને પક્ષે ‘પ્રજ્ઞા અપરાધ’ના કિસ્સામાં ખતવે છે. પરિષદે એમને અકાદમીમાં (પોતાના ઠરાવથી વિપરીતપણે) મોકલ્યા હતા એવી ભળતી છાપ અકાદમીના પ્રસ્તુત ઠરાવમાં એમને પરિષદના ઉપપ્રમુખ તરીકે ઓળખાવ્યાને કારણે સહેજ પણ અકારણ નહોતી. માનો કે રાજેન્દ્રભાઈ પરિષદે મને સત્તાવાર મોકલ્યા નથી એવો ખુલાસો કરે અને તે ગ્રાહ્ય રહે તોપણ ૨૦૦૭ના ઠરાવથી વિપરીત ૨૦૧૫ની સ્વીકૃતિ હતી તે હતી. પ્રજ્ઞાઅપરાધનો આ દોર, પરિષદની નવી ચૂંટણી પછી પણ, એમના જિએલએફ સંધાનગત ચાલુ રહ્યો એને વિશે શું કહીશું ? ઇચ્છું કે હવે મારે આ સંદર્ભનાં વિશેષ લખવુંછાપવું ન રહે, કેમ કે આખી ચર્ચા અકાદમી-પરિષદ કે વ્યક્તિગત ચકરાવામાં ઠાલી ગુંચાઈ રહે છે અને તંત્રીએ આરંભથી જે ટેઈકઑફ તાક્યો છે એને ધરાર રન વે પર નૉન સ્ટાર્ટર તબક્કે લાવી પાડે છે. ગુજરાતનો સારસ્વત સમાજ સ્વાયત્તતાવાંછું છે કે નહીં એ બુનિયાદી સવાલ છે. આ સવાલની સાથે સામ્પ્રતમાં સંકળાયેલી બુનિયાદી વિગત એ છે કે ઉમાશંકરઆદર્યા મૂલ્યનિષ્ઠ ઊહાપોહ તેમ દર્શકની શુચિર્દક્ષ પહેલકારીથી જે સરકારી અકાદમી સ્વાયત્ત બની હતી એને ફરી સરકારી બનાવવાનું આપણે લગભગ સાંખી જ નહીં પણ સ્વીકારી લીધું લાગે તે પૂર્વે ધીરુભાઈ પરીખે, ચંદ્રકાન્ત ટોપીવાળા ને સિતાંશુ યશશ્ચંદ્રે પરિષદપ્રમુખ તરીકે ‘ઇત્યાદિ’ પ્રકારના ન રહેતા આ મુદ્દે બરાબરીનો ઝંડો સાહ્યો છે. જે સારસ્વત સમાજે ગોવર્ધન શતાબ્દીએ પરિષદમાં લોકશાહીનો ઝંડો ઉપાડ્યો હતો તેનો સ્વાયત્તતા સંઘર્ષ હવે નવે મુકામે છે. મણિલાલ દેસાઈની નાયિકાને સંભળાય એવા વાલમબોલની વેળા આ છે.*

# કથા-પુકુર-૨ / હિમાંશી શેલત

**લાલ જાજમ પર મહાનાયક હજી તો પગ માંડે ત્યાં જ જાજમમાં પ્રાણસંચાર સમો સળવળાટ! માંહે મહાસર્પો ગતિશીલ બન્યા હોય એવી ભયાવહ ઊથલપાથલ. સભાગૃહના દ્વારે બંને બાજુ કળશ લઈ ઊભેલી સન્નારીઓનું ચિત્રાલેખન અને એ ચિત્રિત વાચાને વાણી ફૂટી.**

: થોભો, મહાસમર્થ! અમારી સમસ્યાના સમાધાન વગર આપ અંદર નહીં પ્રવેશી શકો.

આ પ્રકારની આજ્ઞાથી ન ટેવાયેલ મહાનાયક સહેજ વ્યગ્ર થયા. જે સંભાળ્યું તેને ભ્રમ ગણીને તેઓ ફરી આગળ ધપ્યા. એમની પાછળનો રસાલો પણ હવે પ્રવેશ માટે આતુર હતો. મહાનાયકની ગતિને અવરોધવા લાલ જાજમ મોજાંની પેઠે ઊછળવા માંડી, બધાં ભયભીત.

: શી સમસ્યા છે?

પોતાના સશક્ત અવાજને શોધીને બહાર ધકેલતાં મહાનાયકે પૃચ્છાભરી દૃષ્ટિ ચિત્રિત મહિલાઓ ભણી વાળી.

: તો સાંભળો. આપને ત્યાં કોઈ ચિત્રપટ નિમિત્તે ભયાનક ઉત્પાત થયો છે એવા સમાચાર દેવાધિદેવ ઇન્દ્ર સુધી પહોંચ્યા છે, એ સાચા છે?

મહાનાયકે ઉત્તર ટાળી કેવળ મસ્તક ડોલાવ્યું, હકારમાં.

: તો આપ એ વિનાશક ઉત્પાત કેમ અટકાવી ન શક્યા ? આપ તો પ્રચંડ બાહુબલ ધરાવો છો.

: લોકશાહી છે. પ્રજાની લાગણી અગત્યની છે. એનું દમન અશક્ય.

મહાનાયકના ઉત્તરમાં વિશ્વાસ અને સમજનું પ્રતીતિજનક મિશ્રણ વરતાયું.

: તો દેવાધિદેવને એ જાણવું છે કે આ જે કોઈ સૈન્યો છે, તે પોતાના પ્રદેશમાં અને સમસ્ત દેશમાં, નારીનું ગૌરવ જાળવવા કેમ યુદ્ધે નથી ચડતાં?

મહાનાયક મૌન. એમની પાછળનો રસાલો પાષાણવત્.

: આપ ઉત્તર આપો. અમારે એ દેવાધિદેવને પહોંચાડવાનો છે. એ કર્તવ્ય અર્થે જ અમે અહીં, આ દ્વાર પર, ઊભાં છીએ.

: અમે સૂત્ર આપ્યું છે, 'બેટીબચાવો, બેટીપઢાવો.' અમે નારી ગૌરવ માટે વચનબદ્ધ છીએ. ઝીરો ટોલરન્સ... મહાનાયકના સ્વરમાં સિંહડણકનો આછો અમસ્તો ભાસ પણ ન વરતાતા એમને ખુદને પોતાનો અવાજ પરાયો લાગ્યો. કળશધારિણી બોલ્યાં,

: દેવાધિદેવને સૂત્રોની જાણ છે, પણ એમને વાસ્તવ સાથે સંબંધ છે. જે પ્રદેશમાંથી આ ઉત્પાતકારી સૈન્ય ઉદ્ભવ્યું છે તે એ પ્રદેશમાં બાળકીઓને એમની નાદાન અવસ્થામાં જ લગ્નની બેડી પહેરાવી દેવામાં આવે છે, બેટીપઢાઓ સૂત્રની મોટામાં મોટી મજાક આ પ્રદેશમાં થાય છે, સ્ત્રીઓ પર બળાત્કાર અને અત્યાચારના આંકડાઓમાં આ પ્રદેશ દેશભરમાં...

આ ક્ષણે મહાનાયક વ્યાકુળ બન્યા. એમનું ચાલત તો એ આખેઆખા શોભાદ્વારને, પેલી ચિત્રિત નારીઓ સમેત, ખસેડી બેવડાવત. પણ આમ કરવામાં નિજપ્રતિભા ખરડાવાની આશંકા જાગી. એ ક્ષીણ અવાજે પ્રતિકાર કરવા મથ્યા.

: અમે નારીગૌરવ માટે સતત પ્રયત્નશીલ છીએ. એ માટે મારા જીવનની પ્રત્યેક ઘડી...

: હશે, એમ હશે, પણ કાલ્પનિક કથા ધરાવતા ચિત્રપટનો વિરોધ કરવા આવાં વિનાશક રમખાણો ફેલાવતા સમૂહને દેશમાં બળાત્કારનો અને એ પછી હત્યાનો ભોગ બનતી બાલિકાઓ માટે યુદ્ધે ચડવાનું કેમ સૂઝતું નથી. એ સમસ્યા દેવાધિદેવની છે અને એમને એનો ઉત્તર જોઈએ છે.

મહાનાયકે ઉત્તરને ઠેકાણે પ્રતિપ્રશ્ન કર્યો, કાબેલ નેતા પેઠે.

: ત્યાં, ઉપર, કયું ગુપ્તચર જૂથ આટલી વિગતે માહિતી એકત્ર કરે છે ? અમારે એમનો સંપર્ક સાધવો છે.

: ક્ષમા, વીરનાયક, આ કોઈ ગુપ્તચર વિભાગનો અહેવાલ નથી. આ તો અવગતે ગયેલી આપના દેશની તમામ સ્ત્રીઓ અને બાલિકાઓના ઘેરાવનું પરિણામ છે. એમણે ઘેરી લીધા છે દેવાધિદેવને, આસનેથી ચસ્ત નથી શક્યા. દેવાધિદેવ દસ દિવસથી આ વિશાળ નારીસમૂહમાં આત્માઓના ઘેરાવથી. આપ કહો તો એ સહુને મોકલી આપીએ આપની પાસે? આપ કરી શકો એમના અજંપાનું સમાધાન? અમે મૃત્યુપશ્ચાત આવું જીવન ટૂંક સમય માટે આપી શકીએ, કરીએ એવું?

આત્માઓના ઘેરાવની કલ્પનાથી બેચેન બનેલા મહાનાયક મૌનમાં સરી પડ્યા, તે સરી પડ્યા. એ મૌનને પ્રભાવે સર્વત્ર મહામૌન છવાયું. ટોળાં ઉત્પાત કરતાં રહ્યાં.

હવે?

Reg.under RNI NO. GUJGUJ/2009/29656, Registered under Postal Registration No. GAMC-777/2018-2020 valid upto 31st December-2020 issued by the SSPO's Ahmedabad City Division, Permitted to Post at Ahmedabad PSO on 1st & 16th of every Month.

# સલામ

## મંગેશ પડગાંવકર

**સલામ, સબકો સલામ**
જેના હાથમાં ડંડો, એને સલામ
લાત પડવાની બીકથી, ડાબો હાથ ગાંડ પર રાખી
જમણા હાથે સલામ

સિંદૂર ચોપડેલા પથ્થરને સલામ
મંદિરના દેવોની ધાકને સલામ
દેવ અને ધર્મનો કંત્રાટ લેનારાને સલામ
ખાલી હાથમાંથી અંગારો કાઢનારાને સલામ
શનિને સલામ,મંગળને સલામ

ભાષણોના,સભાઓના રિપોર્ટ છાપનારાને સલામ
છાપાના માલિકોને સલામ
એમની નથ પકડનારા રાજ્યકર્તાઓને સલામ
ભીડને ડોલાવનારા જાદુગરોને સલામ

લોકશાહીને સલામ,ઠોકશાહીને સલામ
સત્તાની ટ્રક હાંકનારાંને સલામ
ટ્રક નીચે કચડાતાં અળસિયાં, કૂતરાંને સલામ
તમામ રંગોના તમામ ઝંડાઓને સલામ
બોચી પકડનારા બધા હાથોને  સલામ
અદૃશ્ય મુક્કાને સલામ
સલામ,ભાઈઓ ઔર ભેંનો, સબકો સલામ
સત્તા,સંપત્તિના ભડવાઓનો દેશ કહું
તો માથું ભાંગી નાખશે
હલકટ,લાચારોનો દેશ કહું
તો રસ્તા પર ફટકારશે
વેચાઉ લોકોનો દેશ કહું
તો રસ્તા રોકશે
દેવ કે ધર્મ વિશે ઘસાતું બોલું
તો  નાકા પર પકડીને ઠોકશે
માટે પહેલાં આ મારા નપુંસકત્વને સલામ
અને તે પછી,અલબત્ત
આ મારા પરમ પવિત્ર,સુઉદાત્ત,સુમંગલ દેશને સલામ
આ મહાન દેશની મહાન પરંપરાને સલામ

અનેક હાથ હોત,તો અનેક હાથે સલામ કરત
પણ માફ કરજો ભાઈઓ,
હાથ તો બે જ છે,અને એમાંનો ડાબો
લાત પડવાની બીકથી,રાખ્યો છે ગાંડ ઉપર
માટે માત્ર જમણા હાથે સલામ
ભાઈઓ ઔર ભેંનો, સબકો સલામ!

(મરાઠીમાંથી અનુ. વિવેક કાણે,ટૂંકાવીને.)

### રીંગણાં લઉં કે બે-ચાર?

**શેરીને** નાકે એકાદ ગરીબડો માણસ બેઠો હોય છે. લઘુતાગ્રંથિ એનામાં એવી ઘર કરી ગઈ હોય છે, કે પસાર થતા દરેકને તે–ઓળખ્યા પારખ્યા વિના – સલામ કરતો રહે છે.એવા ડરી ગયેલા માણસનું આ કાવ્ય છે.– આ શબ્દોથી પાડગાંવકરે પોતાની કૃતિનો પરિચય આપ્યો છે. 'સલામ' કાવ્યનો માત્ર ટૂંકો અંશ અહીં લીધો છે. સુરેશ દલાલ કહે છે કે વિષ્ણુના સહસ્ર નામ બોલતાં જઈને પ્રત્યેક પછી 'સ્વાહા'નો પાઠ કરીએ, તેમ અહીં 'સલામ'નો પાઠ થતો રહે છે. શોષણનો ઇતિહાસ મનુષ્યજાતિના ઇતિહાસ જેટલો જ જૂનો છે. કવિ શોષકોનો તિરસ્કાર કરવાને બદલે 'સલામ' કહીને પુરસ્કાર કરે છે, આમ કટાક્ષથી કાવ્ય સિદ્ધ થાય છે.

સરકારની અને સૈન્યની ભાષા હિંદી હોવાથી આ મરાઠી કાવ્યનો આરંભ હિંદી શબ્દોથી થાય છે, 'સલામ,સબકો સલામ.' કોઈ લઘરવઘર માણસ દેખાય તો વાંકગુના વગર પણ હવાલદાર એને ડંડો ઠોકી દે છે, હાથમાં હાથ પરોવતાં પ્રેમીઓની રેવડી દાણદાણ કરી નાખીને ખંડણી વસૂલી લે છે.

પથ્થર પર સિંદૂર ચોપડીને ફૂલહાર પહેરાવવામાં આવે, તો લોકો કલાક-બે કલાકમાં દાનદક્ષિણા ચડાવતાં થઈ જાય છે.બીજાનાં માથાં પથ્થરથી ફોડ્યા પછી,પોતાનું માથું પથ્થર પર ટેકવે,એવા માણસોનો આ દેશ છે.ધર્મમાં આનંદ નહિ પણ આતંક હોય, તો જ ધર્મના કોન્ટ્રેક્ટરોનો ધંધો ચાલે. ('કંત્રાટ' 'ભેનોં' શબ્દોથી  ઓછું ભણેલા વર્ગનું સૂચન થયું છે.)

શેક્સપિયરનાં નાટકોનું જેમણે મરાઠીમાં રૂપાંતરણ કર્યું છે તેવા વિદ્વાન સર્જક પાડગાંવકર અપશબ્દો વાપરે તે કલ્પી ન શકાય,પણ સફેદપોશ બદમાશોની બોલબાલા જોઈને તેમનો પુણ્યપ્રકોપ ભભૂકે છે.તેમની સામે પડવાની હિંમત ન હોવાનું કબૂલીને કવિ પોતાના નપુંસકત્વને પણ સલામ ભરે છે.દેશનું ગૌરવ કરતાં વિશેષણો (પરમ પવિત્ર,સુઉદાત્ત,સુમંગલ) અહીં એટલાં વિસંગત લાગે છે,કે આપણી 'મહાન' પરંપરા પોકળ હોવાનું ભાન થાય છે.ગમે તે ઘડીએ લાત પડશે એ ભયે કાવ્યનો નાયક માત્ર એક હાથે સલામ કરે છે. આવી ટ્રેજિકોમિક (કરુણગર્ભ રમૂજવાળી) પરિસ્થિતિ વચ્ચે કાવ્ય પૂરું થાય છે.

'રીંગણાં લઉં કે બે-ચાર?' એમ પૂછીને દલા તરવાડી પોતે જ જવાબ આપે છે, 'લેને, દસ-બાર!' રીંગણાચોરોને કૂવામાં દસ-બાર ડુબકાં ખવડાવે એવા વશરામ ભૂવા ક્યાં છે?

'સલામ' નામના પાડગાંવકરના કાવ્યસંગ્રહને કેન્દ્રીય સાહિત્ય અકાદમીનો પુરસ્કાર પ્રાપ્ત થયો હતો.

**ઉદયન ઠક્કર**

**Publisher, Editor and Printer :** Prakash N. Shah on Behalf of Nireekshak Foundation. 'Prakash' Bunglow, Nr. Abhinandan Flats, B/h. Navarangpura Post Office, Navarangpura, Ahmedabad-380 009. Phone : 079-26562806 E-mail : prakash.nireekshak@gmail.com
**Printed at** Shardul Printing Press, B/6, Rambha Complex, Income Tax, Ashram Road, Ahmedabad-14. E-mail : shardulpress@gmail.com